₹ ૧૫/-

બ્રહ્મચર્ય

પ્રભુ અર્પણ

મે - ૨૦૧૭

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

Matter shall reveal the Spirit's face

Sri Aurobindo

*

કામવાસનાના આકર્ષણથી વધારે ગહન, ઊંડો સંબંધ સ્ત્રી-પુરુષ વચ્ચે શક્ય છે, — તે અંતરાત્માનો સંબંધ છે. બંનેના મનમાં એક આદર્શ તરીકે, — મનની અને આત્માની એકતા તરીકે એ પ્રગટ થાય છે. એ સંબંધ શાંત, ઉદાર અને પવિત્ર હોય છે. એમાં સ્થૂળ વિષયની ગંધ સુદ્ધાં હોતી નથી.

એ ઉપરાંત પણ સ્ત્રી-પુરુષ વચ્ચે ઈશ્વર-શક્તિનો સંબંધ શક્ય છે. પણ એ કાંઈ સામાજિક કે સામાન્ય સંબંધ નથી હોતો. એક સ્ત્રી અને પુરુષ, લગ્નથી જોડાયાં છે તેથી કાંઈ પત્ની એના પતિની, આધ્યાત્મિક દૃષ્ટિએ, શક્તિ હોય જ એવું નથી.

૪ ઑક્ટોબર, ૧૯૨૫ — શ્રી અરવિન્દ

(એક સાધકના પત્રના જવાબમાં)

(દક્ષિણા, ઑગસ્ટ ૧૯૫૭ : પૃ. ૨૪)

સાધકે પોતાના પ્રાણ અને શરીર ઉપર કામવૃત્તિના થતા હુમલામાંથી પૂરેપૂરા અલગ થઈ જવાનું છે, — કારણ કે, જો તે કામવૃત્તિને જીતી લેશે નહિ તો શરીરની અંદર દિવ્ય ચેતના અને દિવ્ય આનંદની સ્થાપના થઈ શકશે નહિ.

શ્રી અરવિન્દ

પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

મે - ૨૦૧૭ વર્ષ : ૦૩ અંક : ૦૫

બ્રહ્મચર્ય

અનુક્રમ :- (૧) પ્રકૃતિની સામાન્ય હિલચાલ - ૦૬ (૨) પુરુષ અને સ્ત્રી - ૧૫
(૩) બ્રહ્મચર્યનો સિદ્ધાંત - ૨૧ (૪) બ્રહ્મચર્યનું પાલન - ૩૨ (૫) વૃત્ત વિશેષ - ૩૯

તંત્રી નોંધ : આધ્યાત્મિકતાના અભીપ્સુઓને જે જે વસ્તુઓનું આચરણ કરવાની ભલામણ કરવામાં આવે છે તેમાંની એક ભલામણ છે : બ્રહ્મચર્યનું પાલન. બ્રહ્મચર્ય શબ્દ પોતાની જાત ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરવાના વિશાળ ક્ષેત્રમાંના પ્રયત્નોનો સૂચક છે : જેમ કે : વાણીનો સંયમ, વિચારોમાં તથા લાગણીઓમાં સચ્ચાઈ, શબ્દો અને કાર્યોમાં એટલી જ સચ્ચાઈ. અને હેતુ તથા ઉદ્દેશની શુદ્ધતા તથા સવિશેષ જાતિય આવેગ ઉપર પ્રભુત્વ. આ વસ્તુ કોઈ પણ રીતે સહેલી નથી જ. કારણ આ આવેગ, આ સહજવૃત્તિના મૂળ શરીરની રચનામાં, એના વણાટમાં ખૂબ ઊંડે રહેલાં છે. અને આ સહજવૃત્તિ પરના પ્રભુત્વ વગર ટકી રહે એવી આધ્યાત્મિક ચેતનાને આપણે સુરક્ષિત કરી શકતા નથી. ન નિગ્રહ, ન નકાર. આમ, મૈથુન ઊર્જાઓનું ઊર્ધ્વીકરણ અને આમૂલાગ્ર રૂપાંતર — પ્રાણમય જોશમાં, બુદ્ધિમાન ઉદારતામાં અને આધ્યાત્મિક જ્ઞાનમાં; તેમ જ છેવટે આધ્યાત્મિક પ્રકાશ પ્રાપ્ત કરવો, એ જ છે માર્ગ. આ અંક અમે જાતિય આવેગ પરના પ્રભુત્વ તેમ જ એની ઊર્જાના રૂપાંતર પ્રતિ દોરી જતી મૂળભૂત પ્રક્રિયાનાં અનેક પાસાંઓને અર્પણ કરીએ છીએ.

મુખપૃષ્ઠ : Caduceus (Staff of Hermes)

મધ્યસ્થ મુખ્ય દંડ ફરતે એકબીજા સાથે વીંટળાયેલા બે સર્પો, જેમની પાંખો દંડની ટોચ ઉપર હોય છે એ ગ્રીક દેવતા *Hermes* નું પુરાણું પ્રતીક છે. આ પ્રતીકનાં થોડાં વૃત્તાંતો વૈદકના ધંધામાં ને સાજા કરવાના વ્યવસાયમાં પણ ઉપયોગમાં લેવાયાં છે. *Hermes* એ હતા માનવો અને દેવતાઓ વચ્ચેના સંદેશવાહક. તેઓ પ્રેતલોકના ભોમિયા પણ હતા. સર્પો છે ઉત્ક્રાંતિગત ઊર્જા, પ્રત્યેક સર્પ સર્જનની બે બાજુઓનું પ્રતિનિધિત્વ કરે છેઃ વામ અને દક્ષિણ, Yin અને Yang. મધ્યસ્થ દંડ દ્વૈતનું સમતુલન દર્શાવે છે. એ સમતુલન નિમ્ન ઊર્જાઓના ઊર્ધ્વ પ્રતિના પાંખાળા આરોહણને સહાય કરે છે અને એ ઊર્જાઓનું આરોગ્ય તથા જોશમાં આમૂલાગ્ર રૂપાંતર કરી આપે છે. આ જ વસ્તુ બીજા શબ્દોમાં કહીએ તો એ આપણને મૃત્યુ પરત્વે લઈ જતી નિમ્ન ઊર્જાઓનું ઊચ્ચ ઊર્જાઓમાં થતું રૂપાંતર છે, જે આપણને અમરતાનાં દ્વારો પ્રતિ દોરી જાય છે.

આ પ્રતીક એકબીજાની વિરોધી વસ્તુઓના સમન્વયનું પણ સૂચક છે, જે સમન્વયનો હેતુ એકત્વ તથા રૂપાંતર સિદ્ધ કરવાનો હોય છે. - તંત્રી

જે વસ્તુઓને દૃઢ કરવાની છે, પ્રસ્થાપિત કરવાની છે એ વસ્તુઓ છે –

brahmacaryaṁ śamah satyaṁ praśāntir ātmasaṁ yamah:

brahmacaryaṁ, સંપૂર્ણ જાતિય શુદ્ધતા. *śamah,* સ્વરૂપમાં શાન્તિ અને સંવાદિતા, એની શક્તિઓ સાબૂત રાખવી, પરંતુ નિયંત્રિત, સંવાદિતામાં, શિસ્તબદ્ધ. *satyaṁ,* સમગ્ર પ્રકૃતિમાં સત્ય અને નિષ્ઠા; *prāsantir,* શાન્તિ અને સ્વસ્થતાની વિશિષ્ટ અવસ્થા, *ātmasaṁ yamah,* પ્રકૃતિની ગતિવિધિમાં જેના નિયંત્રણની જરૂર પડે તેનું નિયંત્રણ કરવાની શક્તિ અને ટેવ.

CWSA 30 : 32 — શ્રી અરવિન્દ

પ્રકૃતિની સામાન્ય હિલચાલ

સામાન્ય પ્રકૃતિની હિલચાલ

સ્વાભાવિક રીતે કામવૃત્તિ એ જાતે જ એક શક્તિ છે, એ શક્તિ છે વ્યક્તિનિરપેક્ષ અને તે કોઈ વિશિષ્ટ પાત્ર, વસ્તુ કે વિષય પર આશ્રિત હોતી નથી. તે આ કે પેલી વ્યક્તિને પકડે છે તે માત્ર પોતાને મૂર્ત સ્વરૂપ આપવા માટે અને આનંદોપભોગનું ક્ષેત્ર પૂરું પાડવા માટે. એ શક્તિને જ્યારે પ્રાણમય આદાનપ્રદાનમાં પ્રતિબંધિત કરવામાં આવે છે ત્યારે એ પોતાનું પ્રાણમય લક્ષણ ગુમાવી દેવાનું વલણ ધરાવે છે અને પોતાની એકદમ સ્થૂળ અને પોતાની મૂળભૂત વૃત્તિ દ્વારા હુમલો કરે છે. એ વૃત્તિને જ્યારે પ્રાણમય, શારીરિક તેમ જ એકદમ સ્થૂળ શારીરિકમાંથી બહાર ફેંકી દેવામાં આવે છે ત્યારે જ, માત્ર ત્યારે જ એના ઉપર વિજય પ્રસ્થાપિત થઈ શકે છે.

*

કામવૃત્તિ પોતાના સંતોષને ખાતર અસ્તિત્વ ધરાવતી હોય છે અને આ કે પેલી વ્યક્તિ એ વૃત્તિના કાર્ય માટે અથવા એની ક્રિયાને જગાવવા માટે કરણ બનતી હોય છે, એ માત્ર બહાનું કે નિમિત્ત જ હોય છે. અંતરમાંથી શાન્તિ અને ઊર્ધ્વમાંની શુદ્ધિ એ ભાગમાં ઊતરી આવે અને એને રોકી રાખે તો જ એ અદૃશ્ય થઈ જાય. (CWSA 31 : 487)

*

પ્રકૃતિમાં કામવાસના જે ભાગ ભજવે છે તે

નિશ્ચિતપણે, કામવાસનાના ઉપભોગનો સંતોષ પ્રકૃતિએ પોતાનો પ્રજોત્પત્તિનો હેતુ સિદ્ધ કરવા માટે આપ્યો છે. એની સાબિતી એ છે કે પ્રાણી એ ક્રિયા એની ઋતુ દરમિયાન કે એના યોગ્ય સમયે જ કરે છે. અને પ્રજોત્પત્તિનો હેતુ સિદ્ધ થઈ જાય કે તુર્ત જ એ સંભોગની ક્રિયાનો ત્યાગ કરી દે છે. માણસ પાસે મન હોવાથી એણે એ શોધી કાઢ્યું છે કે પોતે એ ક્રિયા જ્યારે પ્રકૃતિની જરૂરિયાત ન હોય ત્યારે પણ કરી શકે છે — અને આ જ છે સાબિતી કે મન પ્રકૃતિના મૂળ હેતુને વિકૃત કરી દે છે. માણસને અલ્પકાલીન, વિનાશકારી ઇન્દ્રિયવિષયક સુખ આપવા માટે પ્રકૃતિએ કામવૃત્તિનું નિર્માણ કર્યું છે એવું મનની આ વિકૃતિ સાબિત કરી શકતી નથી.

*

સખત શિસ્તનું પાલન કરતા યૌગિક જીવન માટે ઘણી ઓછી વ્યક્તિઓને સાદ થતો હોય છે અને મોટાભાગના લોકો માનવવંશને ચાલુ રાખવાનું કાર્ય કરતા રહેશે. નિશ્ચિતપણે યોગી માનવ પ્રકૃતિની અવમાનના કરતા નથી અને એમનો એમનો અણગમો પણ હોતો નથી; પ્રકૃતિને અને એની પ્રત્યેક ક્રિયાને જે સ્થાન આપવામાં આવ્યું છે તેને યોગી સ્પષ્ટ અને શાન્ત આદરભાવપૂર્વક સમજે છે અને કાર્ય જો આત્મ-સંયમથી તેમ જ કામનારહિત રીતે ઊર્ધ્વ

ચેતનાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવે તો એ વધુ સારી રીત છે અને એ રીતનું અનુસરણ કોઈ વખત વસ્તુમાત્રમાં રહેલા દિવ્ય સંકલ્પની ચરિતાર્થતા માટે કરવામાં આવતું હોય છે.

(CWSA 31 : 485-86)

*

ગૂઢ સત્ત્વોનું ભોજન – પ્રાણમય શક્તિ

પેલી અધમ કામવાસનામાંથી ઉત્પન્ન થયાં હોય તેવાં અસંખ્ય નાનાં નાનાં, તદ્દન જુગુપ્સાપ્રેરક સત્ત્વોના અસ્તિત્વનું પ્રમાણ ઘણું છે. જો આ કામના (એને અનુરૂપ સત્ત્વો સાથે) મરણ સમયે ઓગળી ગઈ નથી હોતી તો, આ સત્ત્વનું અસ્તિત્વ બન્યું રહે છે અને સંવેદનશીલ માણસોની આસપાસના વાતાવરણમાં પહોંચી જઈને તેમને ઉશ્કેરવા, તેમને ઘોંચપરોણો કરવા પ્રત્યન કરે છે. જાતીય ક્રિયા વખતે ઉત્પન્ન થતી પ્રાણમય શક્તિ આ સત્ત્વોનું ભોજન હોય છે. અને કુદરતી રીતે, પોતાને બને તેટલો વધુ આહાર મળે તેની જ તેમને કામના હોય છે. આ પ્રકારનાં ડઝનબંધ સત્ત્વોથી વીંટળાયેલા માણસો પણ મેં જોયેલા છે. એ એક ઘણી સઘન વસ્તુ છે.... (શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : ૨૧૭-૧૯)

*

કામવાસના અને આનંદ

કામવાસનાના સંતોષમાં કોઈ આનંદ હોતો નથી. આવશ્યકપણે એ ક્ષણભંગુર આવેશ તેમ જ સુખાનુભવ હોય છે, જે છેવટે શરીરના થાકી જવા સાથે ક્ષીણ થઈ જાય છે.

*

એ વાત સાચી છે કે કામવૃત્તિનું કેન્દ્ર અને તેનાં પ્રતિકાર્યોનું રૂપાંતર થઈ શકે છે અને કામવૃત્તિના પશુ રીતના પ્રતિકાર્યને સ્થાને ઊર્ધ્વમાંથી દિવ્ય આનંદ નીચે આવી શકે છે. કામવૃત્તિ તે આ દિવ્ય આનંદની અધોગતિ છે. પરંતુ શારીરિક (શારીરિક પ્રાણ સહિત) ચેતનાનું રૂપાંતર થતાં પહેલાં આ આનંદ મેળવવો એ જોખમભરેલું થઈ શકે છે....

*

'કામવાસનાનું સુખ અને બ્રહ્માનંદ ભાઈઓ છે' એવી જે ઉક્તિ છે એમાં જો કોઈ સત્ય રહેલું હોય તો તે એ જ કે સર્વે ઉત્કટ સુખની લાગણી એના મૂળ — આનંદ—માં લઈ જતી હોય છે. દા.ત. કવિતા, સંગીત, સર્વ પ્રકારનું સર્જન, યુદ્ધ અને વિજય, સાહસ પણ — એક રીતે જોઈએ તો આ સર્વ બ્રહ્માનંદના ભાઈઓ જ છે. પરંતુ ઉપર્યુક્ત યુક્તિ સંપૂર્ણપણે ભૂલભરેલી છે. આપણે એમ કહી શકીએ કે બ્રહ્માનંદમાંથી શારીરિક આનંદ પણ ઉત્પન્ન થાય છે, જે કામવાસનાના સુખ કરતા ખૂબ જ ઉચ્ચ, શુદ્ધ અને વધુ ઉત્કટ હોય છે. અને એ બ્રહ્માનંદની સરખામણીએ કામવાસનાનો આનંદ અણઘડ અને આવેશપૂર્ણ અવનતિ સમાન હોય છે.

(CWSA 31 : 488-89)

*

કામવાસના અને પ્રેમ

એવું નથી કે પ્રેમને શુદ્ધ રાખવાનું શક્ય નથી; પરંતુ બે વસ્તુઓ (પ્રેમ અને કામવાસના) એકબીજાથી એટલા તો નજીક છે અને માનવજાતિના પશુ આરંભમાં જ એટલા બધા તો એકબીજામાં વણાઈ ગયેલા છે કે એમને પૂરેપૂરી રીતે અલગ રાખવા એ સહેલું તો નથી જ. શુદ્ધ ચૈતસિક પ્રેમમાં કામવાસનાનું નામનિશાન હોતું નથી. પરંતુ સામાન્ય રીતે પ્રાણમય આકર્ષણ ચૈત્ય તત્ત્વ સાથે ખૂબ જ દૃઢપણે જોડાઈ જતું હોય છે. અને પછી એનું મિશ્રણ થઈ જતું હોય છે. તેમ છતાં એમાં કામવાસનાનું તત્ત્વ હોતું નથી. અલબત્ત પ્રાણમય આકર્ષણ અને પ્રાણમય-શારીરિક કામવૃત્તિની લાગણીઓ સમગ્રતયા એકબીજાથી એટલા નજીક હોય છે કે કોઈ પણ ક્ષણે અથવા તો કોઈ પણ કિસ્સામાં એક અન્ય પ્રત્યે જાગ્રત બની શકે છે. આ શક્યતા ત્યારે મજબૂત હોય છે જ્યારે વ્યક્તિમાં કામ-શક્તિ ખૂબ બળવાન હોય. સામાન્યતઃ પ્રાણમય રીતે ઊર્જાવાન લોકોમાં કામ-શક્તિ બળવાન હોય જ છે. ચૈત્યની શક્તિને હંમેશાં વધાર્યે જવી, કામવૃત્તિ પર સંયમ કેળવવો અને એનું ઓજસમાં રૂપાંતર કરવું, પ્રેમને પ્રભુ પ્રતિ વાળવો. આ સર્વ છે આ મુશ્કેલીને દૂર કરવાના સાચા ઉપાયો. પ્રજોત્પત્તિ કરનારી શક્તિ જાતીય સંભોગમાં ખર્ચાઈ જતી નથી ત્યારે હંમેશાં એને ઓજસ્‌માં રૂપાંતરિત કરી શકાય.

*

ચૈત્ય પુરુષ જ્યારે પ્રાણશક્તિ ઉપર પોતાનો પ્રભાવ પાડે છે ત્યારે પ્રથમ, જે વસ્તુથી બચવા માટે તમારે કાળજી રાખવાની હોય છે, તે એ છે કે ચૈત્ય હિલચાલ સાથે કોઈ ખોટી પ્રાણમય હિલચાલ મિશ્રિત ન થઈ જાય. હવસ એવી વિકૃતિ છે, એવી અવનતિ છે જે પ્રેમને એનું પ્રશાસન પ્રસ્થાપિત કરતાં રોકે છે. એટલે હૃદયમાં જ્યારે ચૈત્ય પ્રેમની લાગણી હોય ત્યારે હવસ કે પ્રાણમય કામનાને હૃદયમાં પ્રવેશ કરવા દેવાનો જ નહિ — જે રીતે શક્તિ ઉપરથી અવતરણ કરી રહી હોય ત્યારે અંગત મહત્ત્વાકાંક્ષા અને ગર્વને એનાથી દૂર રાખવાનાં હોય છે એ જ રીતે હવસ તથા પ્રાણમય કામનાને હૃદયમાંના ચૈત્ય પ્રેમથી દૂર રાખવાનાં છે.

(CWSA 31 : 490-91)

*

પ્રેમના વિધવિધ પ્રકાર

સ્ત્રીઓની અંદર શારીરિક પાવિત્ર્યની વૃત્તિ હોવી એ અસામાન્ય નથી. એ તદ્દન સામાન્ય છે અને એ વૃત્તિ પોતાની અંદર સ્ત્રીત્વના ખૂબ ઉચ્ચ આદર્શને સમાવે છે.

મન એ વિચાર અને સમજશક્તિનું સ્થાન છે, હૃદય છે પ્રેમનું આસન, પ્રાણ-શક્તિ કામનાનું સ્થાન છે — પણ એ વસ્તુ મનોમય પ્રેમની અસ્તિને કેવી રીતે રોકી શકે ? જેમ મન ઉપર લાગણીઓ અથવા પ્રાણમય આવેશોનું આક્રમણ થઈ શકે તે જ રીતે હૃદય ઉપર મનનું આધિપત્ય સ્થપાઈ શકે અને મનોમય શક્તિઓ હૃદયનું નિયમન કરી શકે.

પ્રાણમય પ્રેમ અને શારીરિક પ્રેમ છે. પ્રાણશક્તિ પ્રેમ ન હોય તો પણ અનેક પ્રાણમય

કારણો માટે સ્ત્રીની કામના કરે એ શક્ય છે. — આધિપત્ય અને સ્વામિત્વની ભાવનાને સંતોષવા એ એમ કરી શકે છે. સ્ત્રીની પ્રાણમય શક્તિઓને પોતાની અંદર ખેંચી લઈ પોતાની પ્રાણ-શક્તિને પુષ્ટ કરવા અથવા તો આડંબરને પોષવા તથા પીછો કરવાની શિકારી વૃત્તિને પોષવા પ્રાણમય શક્તિઓનો વિનિમય પુરુષ કરી શકે છે. લોકો આને પ્રેમ કહેતા હોય છે; પરંતુ એ હોય છે પ્રાણમય કામના, હવસ. તેમ છતાં જો હૃદયની લાગણીઓ જાગ્રત થઈ જ હોય, તો પછી એ પ્રાણમય પ્રેમમાં પરિણમી શકે છે. એક પ્રકારનું મિશ્રણ, જેમાં પ્રાણમય હેતુ વધુ બળવાન હોય છે. પણ એ હોય છે પ્રાણમય પ્રેમ. અને શારીરિક પ્રેમ પણ હોઈ શકે છે, સૌન્દર્યનું આકર્ષણ, શારીરિક કામાકર્ષણ કે અન્ય કંઈક હૃદયની લાગણીઓને જગાવે. જો એવું ન બને તો પછી શારીરિક જરૂરિયાત એ જ સર્વ કંઈ હોય છે અને એ હોય છે હવસ, પૂરેપૂરી હવસ માત્ર. પરંતુ શારીરિક પ્રેમ શક્ય છે.

એ જ રીતે મનોમય પ્રેમ પણ હોઈ શકે છે. પોતાનો આદર્શ અન્ય કોઈની અંદર શોધવાના પ્રયત્નમાંથી મનોમય પ્રેમ ઉત્પન્ન થતો હોય છે. અથવા તો પ્રશંસા અને આશ્ચર્યની લાગણી સહિતનો ઉત્કટ પ્રેમભાવ કે પછી સાથીદાર માટેની મનની ઝંખના; પોતાની પ્રકૃતિના વખાણ કરનાર, એને પરિપૂર્ણ કરનાર — સહધર્મી, એક માર્ગદર્શક, એક સહાયક, એક નેતા મળી જાય એવી ઝંખના, અથવા તો આ પ્રકારના એક સો મનોમય હેતુઓને લઈને મનોમય પ્રેમ ઉત્પન્ન થતો હોય છે. આ વસ્તુઓ જાતે જ પ્રેમમાં પરિણમતી નથી. અલબત્ત મોટેભાગે એ એટલું તો લાગણીશીલ હોય છે કે એને ભાગ્યે જ પ્રેમથી અલગ પાડી શકાય અને એ વસ્તુઓ જીવનનું બલિદાન કરવા સુધી દોરી જતી હોય છે. સંપૂર્ણ આત્માર્પણમાં એ વસ્તુઓ પરિણમતી હોય છે. પરંતુ આ મનોમય પ્રેમ જ્યારે હૃદયની લાગણીઓને જગાડે છે ત્યારે પછી એ ખૂબ શક્તિશાળી પ્રેમમાં પરિણમતો હોય છે; પરંતુ હજુ તે પ્રેમ એના મૂળમાં તથા મુખ્ય લક્ષણ મુજબ મનોમય જ હોય છે. તેમ છતાં સામાન્યતઃ મન અને પ્રાણશક્તિ ભેગાં મળીને એકત્ર થાય છે; અને આ જોડાણ (મન ને પ્રાણશક્તિનું) શારીરિક ક્રિયા તથા એને સંલગ્ન વસ્તુઓ પરત્વેની નામરજી કે વિધેયાત્મક અણગમાની લાગણી સાથે સહઅસ્તિત્વ ધરાવી શકે છે. નિઃશંક પુરુષ જો દબાણ કરે તો સ્ત્રી તાબે થઈ જાય એ શકય છે, પરંતુ એ એની પોતાની લાગણીઓ તેમ જ એની ગહનતમ સહજપ્રેરણાની વિરુદ્ધ જ હોય છે. *'a contre - coeur'.*

અજ્ઞાન માનસિકતા જ દરેક વસ્તુને કામવૃત્તિના આશય તેમ જ કામવાસનાના આવેગની નીચી કક્ષાએ લઈ જતી હોય છે. (CWSA 31 : 492-93)

*

તામસિક જડતા અને કામવાસનાનો આવેગ

જ્યારે જડતા હોય — કોઈ પણ પ્રકારનું તમસ્ — ત્યારે કામવાસનાની શક્તિને માટે સક્રિય થવું સહેલું હોય છે.

*

નિષ્ક્રિયતા એવું વાતાવરણ છે જેમાં કામવૃત્તિ સહેલાઈથી ઉપર ચઢી આવે છે.

મન અને શરીરની તામસિક જડતાની અવસ્થા હંમેશાં કામવૃત્તિ અને કામાવેગ માટે અનુકૂળ હોય છે.

*

કસરતને લીધે ઘણું કરીને શરીરને સહાય પ્રાપ્ત થઈ છે. શરીરની પ્રાણમય ઊર્જાને કાર્યમાં જોડીને તથા શરીરને બળ અને આરોગ્ય આપીને. જ્યારે પ્રાણમય શારીરિક સુસ્ત હોય, કાર્ય રહિત હોય કે સ્વસ્થ ન હોય ત્યારે કામવાસના હંમેશાં પ્રબળ થતી હોય છે.

*

કોઈ પણ પ્રકારના કાર્ય વગર કે કોઈ અનુભવ વગર અર્ધ-જાગ્રત અવસ્થામાં પથારીમાં પડ્યા રહેવું, આરામની મુદ્રામાં, જડતાની અવસ્થામાં અક્રિય પડ્યા રહેવું; એનાથી વધુ નુકસાનકારક બીજી કોઈ અવસ્થા છે નહિ. એ અવસ્થામાં કામવાસનાના વિચારો જરૂર આવે.

(CWSA 31 : 522)

*

સ્વૈર કલ્પના

કામવાસનાના વિચારોમાં સ્વૈર કલ્પના મુજબ રાચતા રહેવું એ તો ન જ થવું જોઈએ. એમ કરવું એ નાહક મુશ્કેલીઓ વધારવા સમાન બની રહેશે. કારણ કે આધ્યાત્મિકતા માટે કોશિશ કરવી એ તમારી પ્રકૃતિનો ભાગ છે અને કામવાસનાના આવેગથી મુક્ત થવું તમારે માટે મુશ્કેલ હોય તો તમારી અંદર આધ્યાત્મિક જીવન વગર તો તમે એ આવેગથી મુક્ત થવામાં વધુ મુશ્કેલી અનુભવશો. આધ્યાત્મિકતાના માર્ગમાં કામવાસનાની મુશ્કેલી એક એવી મુશ્કેલી છે, જેનાથી મુક્ત થવું અઘરામાં અઘરું છે, દુષ્કર છે. કારણ એ મુશ્કેલી ચીટકી રહે છે અને વારંવાર આવે છે. અને એટલે જ સાધકે મુશ્કેલી કરતાં વધુ હઠીલા બનવાનું છે — અન્ય કોઈ રીત છે નહિ.

*

સ્ત્રીઓનો સંગ ત્યજી દીધા બાદ કામવાસના માટે પછી બે જ શક્યતાઓ રહે છે — સ્વપ્ન અને કલ્પનાવિહાર. સ્વપ્નનું મહત્ત્વ બહુ રહેતું નથી, સિવાય કે એ જાગ્રત મન ઉપર અસર કરે. પરંતુ એ જાગ્રત મન પર બિલકુલ અસર કરતું હોતું નથી. સ્વપ્નને નાઉમેદ કરી શકાય છે, એને પોષવામાં ન આવે તો પછી એ અદૃશ્ય થઈ જાય છે. કલ્પનાવિહારથી મુક્તિ સંકલ્પની તપસ્યાથી થઈ શકે છે.... કલ્પનાવિહાર નિદ્રામાંથી જાગ્રત થઈને પથારીમાં તામસિક અવસ્થામાં પડ્યા રહેવાથી ખૂબ સહેલાઈથી શરૂ થઈ જાય છે. તમસને ખંખેરી નાખી અથવા મનને ખાલી કરીને ફરીથી સૂઈ જવાથી એ વિહારને અટકાવી દઈ શકાય છે. અન્ય સમયે મનને બીજી દિશામાં વાળી દઈને કલ્પનાવિહારથી બચી શકાય છે.

*

સ્મૃતિ અને કલ્પનાને એવી વસ્તુઓ પર કેન્દ્રિત કરવી કે જે કામવાસનાને ઉત્તેજિત કરે, એ સાધના માટે નુકશાનકારક છે અને યૌગિક ચેતનાના વિકાસમાં અંતરાય રૂપ છે. સ્મૃતિઓ અને કલ્પનાઓ જ્યારે આવે ત્યારે તેને નાહિંમત કરો. (CWSA 31 : 522-23)

*

કામવાસનાને લગતાં સ્વપ્નાંઓ અને સ્રાવ

સ્રાવનો પ્રશ્ન છે ત્યાં સુધી એ ઓછી નુકસાનકારક વસ્તુ છે. જે લોકો અપરિણીત જીવન જીવતા હોય છે એમના કિસ્સામાં આમ સમયે સમયે બનતું રહે છે. એ વસ્તુ જો વારંવાર બને તો જ માત્ર પ્રાણ-શક્તિને એ નિરુત્સાહ કરતી હોય છે. નિશ્ચિતપણે એમ થવું બંધ થવું જ જોઈએ. પરંતુ એ બાબતે વધુ પડતા વિચારો કરવાના નથી. એ વસ્તુને રોકવા માટે પ્રથમ આવશ્યકતા છે તે એ કે જાગ્રતાવસ્થા દરમિયાન કામવૃત્તિ વિષયક કલ્પનાવિહારને અટકાવી દેવો. અને આમ પૂર્ણપણે કરી દઈ શકાય તેમ છતાં રાત્રે વીર્યસ્રાવ ચાલુ રહી શકે છે. કારણ અવચેતન સ્મૃતિને તથા ટેવને જાળવી રાખે છે. એને અટકાવવા માટે કે બંધ કરી દેવા માટે એ વસ્તુ ન જ થવી જોઈએ એ પ્રકારનો મજબૂત સંકલ્પ સૂતા પહેલાં તમારે મૂકવો જોઈએ. અને એ વસ્તુ કઈ રીતે કરવી તે તમે જાણતા હો તો સૂતા પહેલાં કામવાસનાના કેન્દ્ર પ્રતિ મજબૂત શક્તિને મોકલો. એનાથી એ પ્રકારની અણધારી ઘટનાને રોકી શકાશે. અમુક સમય પછી આ રીત સામાન્યતઃ સફળ થતી હોય છે.

*

સ્વપ્નદોષ ઘટતો જાય અને છેવટે બંધ થઈ જાય એને માટે સૌ પ્રથમ જરૂરિયાત છે તે એ કે સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરવું... સ્વપ્નાંઓ અવચેતનમાંથી ઉત્પન્ન થતાં હોય છે, જ્યાં (અવચેતનમાં) સર્વ અસરો અને વૃત્તિઓ સંગ્રહાયેલી હોય છે. આમાંની કોઈ પણ એક વસ્તુ અવચેતનને ઉત્તેજિત કરે છે અને એના સંચયમાં વધારો કરે છે જે પછી સ્વપ્નમાં ઊભરાયા કરે છે. જાગ્રત ચેતનાને પૂરેપૂરી શુદ્ધ કરી દેવામાં આવે તો પછી અવચેતન ઉપર (ખાસ કરીને સૂતા પહેલાં) સંકલ્પ કે શક્તિ મૂકીને વ્યક્તિ અમુક સમય બાદ કામવૃત્તિને લગતાં સ્વપ્નાંઓ અને સ્રાવ થતો અટકાવી શકે છે. (CWSA 31 : 526-27)

*

અવચેતન અસરો

સ્વાભાવિક રીતે જ નવલકથાઓમાં તમે કામવાસનાને લગતી બાબતોનું વાચન કરો ત્યારે એ વસ્તુઓ તમારા મનમાં પ્રવેશીને અવચેતનમાં પહોંચી જતી હોય છે. અને ત્યાં એ પોતાની અસરો છોડતી જાય છે. ચેતના જો કામવૃત્તિના આવેગથી મુક્ત ન હોય તો એની છાપ કે અસર અવચેતનમાંથી ઉપર આવી મનમાં કાર્ય કરતી હોય છે.

*

કામવૃત્તિનું મૂળ અવચેતનમાં ઊંડે રહેલું છે અને એનાથી મુક્ત થવું એ અઘરું છે. શારીરિક

ચેતનાના પૂર્ણ રૂપાંતર દ્વારા જ એ માત્ર થઈ શકે — એવા અપવાદરૂપ થોડા લોકો માટે જ, જે મજબૂતીથી એ વૃત્તિથી બદ્ધ નથી. (CWSA 31 : 526-27)

*

સ્ત્રીઓમાં કામવાસનાને લગતી મુશ્કેલીઓ

એને માટે કોઈ સર્વસાધારણ નિયમ નથી. સ્ત્રીઓ પુરુષો જેટલી જ કે તેમનાથી પણ વધુ કામુક હોઈ શકે છે. અલબત્ત, એવી ઘણી સ્ત્રીઓ હોય છે જેમને કામવૃત્તિ પ્રત્યે અણગમો હોય છે અને એવા પુરુષો (જેમને આ પ્રકારનો અણગમો હોય) ઘણા ઓછા હોય છે. લાખોમાં એક જ શુકદેવ હોય, જ્યારે દીયાના અને પલ્લાસ (એથેન્સ) અનેક હોય છે. કૌમાર્ય એ નારીજાતિને લગતો ખ્યાલ છે; શાશ્વત કૌમાર્યનો વિચાર પુરુષોને ઘૃણા ઉપજાવે એવો છે. પુરુષો જો સ્ત્રીઓ ઉપર જાતીય આવેગોને લાદી ન દે તો ઘણી સ્ત્રીઓ એ આવેગો વગર રહેવાનું પસંદ કરશે. અને ઘણા પુરુષો, અરે, એક પણ પુરષ બાબતે આમ કહી શકાય નહિ. પરંતુ ચિત્રની બીજી બાજુ પણ છે. સ્ત્રીઓ સમગ્ર રીતે જોતાં પુરુષો કરતાં કદાચ શારીરિક રીતે ઓછી જાતિયતા ધરાવતી હશે — પણ પ્રાણમય જાતિયતા વિશે શું ? કબજે કરવાની અને કબજામાં રહેવાની વૃત્તિ, વગેરે વગેરે ?

*

ક્ષ ને તમારા પ્રતિ જાતિય લાગણી ન પણ હોય, પરંતુ એમાં અમુક પ્રકારનું પ્રાણમય ઉત્તેજન છે, સ્પર્શક્ષમ તંતુ તમારા પ્રતિ ફેંકવાનો હેતુ — આ વસ્તુને ચોક્કસ કઈ રીતે અભિવ્યક્ત કરવી તે હું જાણતો નથી — પ્રકૃતિમાં એનો હેતુ પુરુષનું આકર્ષણ કરવાનો હોય છે, પુરુષનું ધ્યાન આકર્ષીને સ્ત્રી ઉપર કેન્દ્રિત કરાવવું. આંકડા વતી એને પકડો અને ઓછા કે વધુ પ્રમાણમાં એને પોતાના પ્રતિ ખેંચો. સ્ત્રીના મનમાં આ પ્રકારનો સભાન ઇરાદો સહેજ પણ ન પણ હોય, એટલે કે એના મનમાં એ હેતુ ન પણ હોય, સ્પષ્ટ એવો જ હેતુ ન હોય. એ અવચેતનપણે કે સહજવૃત્તિથી પણ થતું હોય. મજબૂત પ્રાણમય પ્રકૃતિ ધરાવતી સર્વ સ્ત્રીઓ (અને ક્ષ તો એવી જ સ્ત્રી છે) માં આ વસ્તુ રહેલી હોય છે — અમુકમાં વધુ માત્રામાં તો અમુકમાં ઓછી માત્રામાં.
(CWSA 31 : 534-35)

*

જાતિય આંદોલનોનું આરંભબિંદુ

સ્ત્રીનું એક સ્મિત કે કોઈપણ હલનચલન, તેનો દેખાવ કે ક્રિયા એ આ આંદોલનનું આરંભ બિંદુ બની શકે છે. સ્મિતની પોતાની અંદર જ કંઈક રહેલું છે એમ હું નથી ધારતો, પણ આ બધી વસ્તુઓ (હાવભાવ) પુરુષોમાં કામવૃત્તિ ઉત્તેજિત કરવાનાં સ્વાભાવિક સાધનો બની રહેલાં છે અને સ્ત્રી જ્યારે પુરુષ સાથે સંપર્કમાં આવે છે ત્યારે આ વસ્તુઓનો ઘણીવાર અભાન રીતે અથવા માત્ર ટેવ તરીકે ઉપયોગ કરતી રહે છે. પુરુષને ખુશ કરવાનો કે આકર્ષિત કરવાનો તેનામાં કોઈ હેતુ હોય કે ના હોય તો પણ તે એક સાહજિક ક્રિયા તરીકે બની આવે છે.

પણ સ્ત્રી જ્યારે સાવ સહજ રીતે હસતી હોય છે અને તેનામાં આ ટેવ જેવી સહજ રીતની ક્રિયા હોતી નથી ત્યારે પણ પુરુષમાં સ્ત્રી પ્રત્યેના આકર્ષણને જવાબ આપવાની પડેલી ટેવને લીધે એ આંદોલન તેના પક્ષે હોઈ શકે છે. આ વસ્તુઓ એના આરંભમાં લગભગ યંત્રવત હોય છે. આ પહેલાં લખ્યું હતું તે પ્રમાણે શારીરિક અથવા પ્રાણમય મન (કલ્પના ઈ.) નો જ આપોઆપ બની આવતો ઉત્તર હોય છે, જે આ વસ્તુને લંબાવે છે અને તેનું પરિણામ થઈ આવે છે. નહિ તો પછી એ આંદોલનો થોડા વખત પછી મરી જતાં હોય છે.

*

આજે જેને સેક્સ અપીલ (જાતીય સંમોહન) કહેવામાં આવે છે તેમાં એક સહાય લેખે પોષાકને સ્ત્રી હંમેશા વાપરતી આવેલી છે. અને પુરુષ તેના તરફ હંમેશાં ખુલ્લો રહેતો આવ્યો છે. સ્ત્રીઓને પણ પુરુષનો પોષાક ઘણીવાર આકર્ષણનું કારણ બનતો હોય છે (દા.ત. સૈનિકનો યુનિફોર્મ) વળી પોષાકમાં પણ અમુક પસંદગીઓ હોય છે — અમુક રંગની સાડી આકર્ષણ કરે એ સાવ સ્વાભાવિક વસ્તુ છે. એ આકર્ષણ ઇન્દ્રિયો ઉપર અને પ્રાણ ઉપર કામ કરતું રહે છે. માનસિક ખામીઓ તરફ અણગમો તો મનને રહેતો હોય છે અને એ ખામીઓ ખુલ્લી થતાં મન ઠંડુ પડી જતું હોય છે. પરંતુ મનને થતી આ ઘૃણા પ્રાણના વધુ બળવાન આકર્ષણ સામે ટકી શકતી નથી.

*

કામવૃત્તિ સાથે (સ્પર્શ)નો સંબંધ એ પ્રાણમય શારીરિક છે. નહિ તો પછી સ્પર્શ દ્વારા સ્નેહની અભિવ્યક્તિ અને કામવૃત્તિની લાગણી વચ્ચે કોઈ સંબંધ હોવાની જરૂર નથી. અસાધારણ દાખલાઓ સિવાય જ્યારે મા અને દીકરો, અથવા ભાઈ અને બહેન ભેટતાં હોય છે ત્યારે તેમનામાં કામવૃત્તિની લાગણી હોતી નથી. એ લાગણીની અવસ્થામાંથી શારીરિક અવસ્થામાં પહોંચવાની ક્રિયામાં બની આવતી, એક પ્રકારનું ટેવ રૂપે બની આવતું અન્ય રૂપ હોય છે. એ માત્ર એક ટેવ જ હોવાથી — જો કે એક બળવાન એવી ટેવ છતાં — તેને બદલી શકાય છે.

*

કુંવારાપણું

લગ્ન ન કરવું, આ છે સૌ પ્રથમ અર્થ કુંવારાપણાનો — કોઈ પણ સ્ત્રી સાથે શારીરિક સંબંધો ન હોવા એ રીતે એને આગળ લઈ જઈ શકાય. અલબત્ત, આ રીતની વ્યાખ્યા એનો યોગ્ય અર્થ નથી. આ શબ્દ બ્રહ્મચર્યનો સમાનાર્થી શબ્દ નથી. આ વસ્તુ તે બ્રહ્મચર્ય નથી. ભક્તિમાર્ગમાં કે કર્મયોગમાં બ્રહ્મચર્ય ફરજિયાત નથી. પરંતુ વૈરાગી જ્ઞાનયોગમાં તેમ જ રાજ અને હઠ યોગોમાં બ્રહ્મચર્ય જરૂરી હોય છે. ગૃહસ્થ યોગીઓ માટે પણ બ્રહ્મચર્ય ફરજિયાત નથી. આ યોગમાં પરિસ્થિતિ એ પ્રમાણે છે કે સાધકે કામવૃત્તિ ઉપર પ્રભુત્વ સ્થાપવું જ જોઈએ. એમ ન થાય તો નિમ્ન પ્રાણમય તથા નિમ્ન શારીરિક પ્રકૃતિનું રૂપાંતર થઈ જ ન શકે. સર્વે શારીરિક જાતિય

સંબંધો બંધ થવા જ જોઈએ. આમ ન થાય તો સાધક પોતાની જાતને ગંભીર જોખમો પ્રતિ ખુલ્લી કરી દે છે.

*

શારીરિક સંબંધો ન રાખવા એ એક વાત છે અને કામાવેગથી મુક્ત થવું એ બીજી વાત. કામવૃત્તિના આવેગો પર વિજય મેળવવો જ રહ્યો અને એનાથી સંપૂર્ણપણે મુક્ત થઈ જવું. પરંતુ કામવૃત્તિના આવેગોથી મુક્તિને જો યોગ્યતાની કસોટી લેખવામાં આવે તો કેટલા લોકો મારા યોગ માટે યોગ્ય જાહેર થઈ શકે એ બાબતે હું આશ્ચર્ય અનુભવું છું. એ વૃત્તિ ઉપર વિજય પ્રસ્થાપિત કરવાનો સંકલ્પ હોવો જ જોઈએ. પરંતુ માનવપ્રકૃતિ માટે કામવૃત્તિને દૂર કરી દેવી એ સૌથી વધુ મુશ્કેલ વસ્તુઓમાંની એક વસ્તુ છે. અને એમ કરવામાં સમય લાગી જતો હોય તો એ સ્વાભાવિક છે. (CWSA 31 : 527-28, 534-52)

એ વાત સાચી છે કે કામવૃત્તિનું કેન્દ્ર અને તેનાં પ્રતિકાર્યોનું રૂપાંતર થઈ શકે છે અને કામવૃત્તિના પશુ રીતના પ્રતિકાર્યને સ્થાને ઊર્ધ્વમાંથી દિવ્ય આનંદ નીચે આવી શકે છે. કામવૃત્તિ તે આ દિવ્ય આનંદની અધોગતિ છે.

શ્રી અરવિન્દ

સ્ત્રી અને પુરુષ

લગ્ન

પૂર્ણ આધ્યાત્મિક જીવન માટે સ્વરૂપ તૈયાર થાય તે પહેલાં સામાન્ય જીવનનો ત્યાગ કરી દેવો એ મદદરૂપ થતું નથી. એમ કરવું એટલે વિધવિધ તત્ત્વો વચ્ચે સંઘર્ષને ઉત્તેજન આપવા સમાન તેમ જ એ સંઘર્ષને એટલી માત્રામાં વધારી દેવા સમાન બની રહે કે જેને પ્રકૃતિ સહન કરવા તૈયાર હોતી નથી. તમારી અંદરનું પ્રાણમય તત્ત્વ શિસ્ત દ્વારા તેમ જ જીવનના અનુભવ વડે કેળવાય એ જરૂરી છે. અને આધ્યાત્મિક હેતુને નજર સમક્ષ રાખી કર્મયોગની ભાવનામાં ક્રમશઃ જીવનનું નિયમન કરવાનો પ્રયત્ન કરતા રહેવું એ તમારે માટે સારું છે.

આ કારણસર જ તમારા લગ્ન માટે અમે મંજૂરી આપી છે.

*

સામાન્ય રીતે લગ્નના પ્રશ્ન વિશે જણાવવાનું કે જે વ્યક્તિ આધ્યાત્મિક જીવન જીવવા માગે છે તેમને માટે લગ્ન કરવું સલાહભરેલું નથી એમ અમે માનીએ છીએ. સામાન્યતઃ લગ્ન એટલે ખૂબ જ ત્રાસ, ભારે બોજાઓ, ઐહિક જીવન પરત્વેનું બંધન અને એકલક્ષી આધ્યાત્મિક જીવન જીવવાના પ્રયત્નોના માર્ગમાં મહાન મુશ્કેલીઓ. લગ્નનો સ્વાભાવિક, સહજ હેતુ એટલો જ હોવો જોઈએ — જો જાતિય આવેગને ખાળવાનું અશકય બની રહે તો — કે જાતિય આવેગને મર્યાદામાં રહી તેમ જ અંકુશ હેઠળ સંતોષવો.

*

એક વખત તમે ઈશ્વરાભિમુખ બનો પછી કોઈ પણ પ્રકારનો વિષાદ તમારા ઉપર કબજો જમાવે એમ તમે થવા દો તો એ યોગ્ય નથી. ગમે તે મુશ્કેલીઓ હોય ગમે તેટલી આફતો કેમ ન આવે તમારે આ વિશ્વાસ કેળવવો જ જોઈએ કે ઈશ્વર પર ભરોસો રાખવાથી, ઈશ્વર તમને એ સર્વમાંથી પાર ઉતારી દેશે.

*

સ્ત્રી અને પુરુષ વચ્ચેની ગેરસમજ દૂર કરવી

ગમે તે હો, હકીકત આવી છે એમાં તો કોઈ શક નથી જ. પુરુષને એમ લાગે છે કે પોતે સ્ત્રી કરતાં શ્રેષ્ઠ છે અને એ રીતે તે સ્ત્રી ઉપર પોતાનો અધિકાર જમાવવા માગે છે. સ્ત્રીને એમ થાય છે કે પોતાના ઉપર પુરુષ દમન ગુજારી રહેલો છે અને તે પુરુષ સામે પ્રગટ કે અપ્રગટ રીતે બળવો કરતી રહે છે. અને આમ આ બે વચ્ચેનો કાયમી ઝગડો હરેક યુગમાં ચાલતો આવ્યો છે. અને આ સંઘર્ષનું મૂળ તત્ત્વ તો એક જ છે છતાં તેનાં રૂપો અને છાયાઓ અનેક અનેક પ્રકારનાં બનતાં રહેલાં છે.

વળી એ વાત પણ સ્પષ્ટ છે કે આ પરિસ્થિતિનો આખો યે દોષ પુરુષ સ્ત્રી ઉપર ઢોળતો

રહે છે અને એ જ રીતે સ્ત્રી પણ પુરુષ ઉપર આખો ને આખો દોષનો ટોપલો ઢોળતી રહે છે. પણ ખરી વાત તો એ છે કે આ દોષને સ્ત્રી-પુરુષ બંને વચ્ચે સરખે ભાગે વહેંચી દેવો જોઈએ અને સ્ત્રી કે પુરુષ બેમાંથી એકે યે પોતાની શ્રેષ્ઠતાની બડાઈ મારતાં અટકી જવું જોઈએ. માનવજાતિમાંથી આ રીતનો શ્રેષ્ઠતા અને હીનતાનો ભાવ જ્યાં લગી નાબૂદ નહિ થાય ત્યાં સુધી કોઈ પણ વસ્તુ કે કોઈ પણ વ્યક્તિ આ ગેરસમજૂતીનો અંત લાવી શકવાની નથી. માનવજાતિમાં પડી ગયેલી આ બે સામસામી છાવણીઓ એવી ને એવી ટકી રહેશે અને આ પ્રશ્ન એવો ને એવો અણઊકલ્યો જ રહેશે....

આજે પણ સ્ત્રી અને પુરુષ પોતાના પરસ્પર વ્યવહારમાં એકબીજા પ્રત્યે તદ્દન જુલ્મગાર માલિકની રીતે જ વર્તતાં હોય છે અને સાથે સાથે એકબીજાની કંઈક દયાજનક રીતની ગુલામી પણ કરતાં રહે છે.

હા, સ્ત્રી-પુરુષ એકબીજાનાં ગુલામ જ છે. જ્યાં લગી તમારામાં કામનાઓ, રાગદ્વેષો અને આસક્તિઓ હશે ત્યાં સુધી તમે એ વસ્તુઓના ગુલામ જ હો છો તેમ જ આ બધાની તૃપ્તિ માટે તમારે જે વ્યક્તિના ઉપર આધાર રાખવો પડશે તેની તમારે ગુલામગીરી જ કરવાની રહેશે.

આ રીતે જોતાં સ્ત્રી પુરુષની દાસ છે. તેને પુરુષ પ્રત્યે, પુરુષની શક્તિ પ્રત્યે આકર્ષણ છે. સ્ત્રીને 'ગૃહ' જોઈતું હોય છે, એ ગૃહમાંથી મળતી સલામતી તેને જોઈતી હોય છે. સૌથી વિશેષ તો સ્ત્રીને માતૃત્વની આસક્તિ વળગેલી છે. આ બધી વસ્તુઓ સ્ત્રીને પુરુષની દાસ બનાવી રાખે છે. એ જ રીતે પુરુષ પણ સ્ત્રીનો દાસ છે. એનામાં સ્વામિત્વનો ભાવ રહેલો છે. તે સત્તા અને આધિપત્ય માટે તલસતો હોય છે. તેનામાં જાતિય સંબંધની ભૂખ છે. પરિણીત જીવનમાંથી મળતી નાની મોટી સુખસગવડોમાં તેને આસક્તિ છે. અને આ બધું તેને સ્ત્રીનો દાસ બનાવી રાખે છે.

વસ્તુસ્થિતિ આમ છે એટલે જ કોઈ પણ કાયદો સ્ત્રીને મુક્ત કરી શકવાનો નથી. આ મુક્તિ સ્ત્રીએ પોતે જ મેળવવાની છે. એ જ પ્રમાણે પુરુષો પણ, તેમને સ્ત્રી ઉપર અમલ ચલાવવાની આટલી બધી ટેવ પડી ગયેલી છે છતાં સ્ત્રીના દાસ મટી શકવાના નથી. તેઓ પોતાની આંતરિક ગુલામીમાંથી મુક્ત થશે ત્યારે જ તેમનું આ દાસત્વ ટળશે.

આમ સ્ત્રીપુરુષ વચ્ચે એક ગુપ્ત સંઘર્ષ ચાલી રહેલો છે. ઘણી વાર જો કે આ સંઘર્ષના અસ્તિત્વનો સ્વીકાર કરવામાં આવતો નથી છતાં સારામાં સારી વ્યક્તિઓની બાબતમાં પણ એમની અવચેતનામાં તો એ સંઘર્ષ હંમેશાં પડેલો હોય જ છે. માણસો જ્યારે પોતાની ચેતનામાંથી ઉપર જઈને પૂર્ણ ચેતના સાથે પોતાને એકરૂપ કરશે, પરમ સત્ય સાથે પોતાનું અદ્વૈત સિદ્ધ કરશે ત્યારે જ આ સંઘર્ષ ચાલ્યો જશે. એમ નહિ થાય ત્યાં લગી એ અનિવાર્ય રીતે રહેવાનો જ છે. તમે જ્યારે આ ઊર્ધ્વ ચેતના પ્રાપ્ત કરો છો ત્યારે તમને દેખાય છે કે સ્ત્રી અને પુરુષ વચ્ચેનો આ ભેદ છેવટે તો માત્ર શરીર પૂરતો જ ભેદ છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ - ૧૨ પૃ. ૧૨૭-૧૨૯)

બ્રહ્મચર્ય અને વિવાહિત જીવન

સાધક : હું એ જાણવા માગું છું કે મારા કૌટુંબિક જીવનની રીત શું હોવી જોઈએ. મારે બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ ?

શ્રી અરવિન્દ : આ યોગમાં અમે નિયમો બનાવતા નથી. અલબત્ત, તમે સીધેસીધા અતિમાનસિક યોગને અનુસરતા હો તો એ ફરજિયાત છે. પરંતુ પ્રારંભિક યોગમાર્ગોમાં પણ તમે બ્રહ્મચર્યનું પાલન કરી શકો તો સારું. તમારે માનવતામાંથી કંઈક ઉચ્ચતર અવસ્થામાં વિકાસ સાધવાનો છે એટલે તમારે પશુની કક્ષાનો ત્યાગ કરવાનો રહે છે. અતિમાનસ યોગમાં કોઈ નિમ્ન ગતિવિધિનું લાલનપાલન કરી શકાય નહિ.

સાધક : એટલે બ્રહ્મચર્યનું પાલન કરવું એ સારુ. ખરું ને ?

શ્રી અરવિન્દ : હા, તમે જો પાલન કરી શકો તો એ સારુ જ છે. અલબત્ત એને માટે સખત અને અચળ નિયમો બનાવી લેવાના નહિ. પ્રાણમય સ્વરૂપમાં એવી ત્રણ વસ્તુઓ રહેલી છે જે યોગમાર્ગમાં મોટાં વિઘ્નો સમાન છે. અલબત્ત અન્ય વસ્તુઓ પણ છે, જે વિઘ્ન સમાન છે; પરંતુ તેનું મહત્ત્વ ઓછું છે. મોટાં વિઘ્નો સમાન જે ત્રણ છે, એ છે : (૧) હવસ (૨) ગર્વ અને મિથ્યાભિમાન — 'હું મહાન સાધક છું.' વગેરે.... અને (૩) સફળતા માટેની મહત્ત્વાકાંક્ષા અને દ્રવ્યલોભ. (Evening talk with Sri Aurobindo, by A.B. Purani P. 49)

૨૫-૧૧-૧૯૨૪

('દ' એ શ્રી અરવિન્દને લગ્ન વિશેના વિચારો જણાવવા વિનંતી કરી હતી. ખાસ કરીને તે પોતે ભવિષ્યમાં યોગારંભ કરવા માગતા હતા એટલા માટે. જે વ્યક્તિ ઉચ્ચતમ આધ્યાત્મિક જીવન જીવવાનું ધ્યેય રાખવા માગતી હોય તેણે લગ્ન પ્રતિ કેવું વલણ અપનાવવું જોઈએ તે વિશે 'દ' જાણવા માગતા હતા. 'દ' એ પોતે કબૂલ કર્યું હતું કે એમને જાતિય આકર્ષણ અનુભવાયું છે અને પોતે માત્ર નિગ્રહનું અનુસરણ કરવા માગતા નથી.

શ્રી અરવિન્દ : આનો જવાબ આપવો એ જરા નાજુક બાબત છે. નીચે મુજબના મુદ્દાઓ એમની સમક્ષ રજૂ કરી શકાય.

(૧) સામાન્યતઃ જેને જાતિય-આકર્ષણ માનવામાં આવે છે એ સ્ત્રી અને પુરુષ વચ્ચે પ્રાણમય તથા શારીરિક સ્તરે થતું ખેંચાણ હોય છે. આ આકર્ષણ સામાન્યતઃ લાગણીઓ અને ભાવનાઓ સાથે મિશ્રિત થઈ જાય છે અને એને પ્રેમ માની લેવાની ભૂલ લગભગ થઈ જતી હોય છે. અને એને ચૈત્ય સંબંધ ગણી લેવામાં આવે છે.

જે લોકો જીવનનો પૂરેપૂરો ત્યાગ કરી દેવા માગતા હોય છે — એટલે કે સન્યાસીઓ — તેમને માટે લગ્ન, (જે રીતે એને આપણે જાણીએ છીએ) કરવાનો પ્રશ્ન રહેતો જ નથી. કારણ, લગ્ન એક એવી વસ્તુ છે જે વ્યક્તિને જીવન સાથે મજબૂતાઈથી જોડી દે છે.

સ્ત્રી, સ્વભાવગત જીવન સાથે ચીટકી રહેવાની બળવાનમાં બળવાન વૃત્તિ ધરાવતી હોય છે. સામાન્યતઃ સ્ત્રી પુરુષને નીચે ખેંચી લાવી એને જીવન સાથે જડી દે છે. જીવન અને જાતિને ચાલુ રાખવા માટે પ્રકૃતિ વિશિષ્ટ રીતે આ હેતુપૂર્વક કાર્ય કરતી હોય છે.

(૨) બીજું, પુરુષ અને સ્ત્રીના ચૈત્યપુરુષનું ભેગાં મળવાનું થતું હોય છે ખરું — આત્મા સાથે આત્માનું મિલન. આ અલબત્ત, મુશ્કેલ છે.

પ્રથમ મુદ્દો પ્રાણમય અને શારીરિક ભૂમિકા પરના સામાન્ય જીવન સંદર્ભે છે.

ઉચ્ચ જીવનમાં પુરુષ અને સ્ત્રીના મિલનના બે પ્રકાર હોય છે, એના બે વર્ગ હોય છે. એક છે ચૈત્ય મિલન, બીજું છે આધ્યાત્મિક મિલન.

ઉચ્ચ આદર્શો ધરાવનાર માણસ — કવિ, કળાકાર — નો ચૈત્ય પુરુષ વિકાસ પામેલો હોય છે. સામાન્ય માણસમાં ચૈત્ય પુરુષનો વિકાસ થયેલો હોતો નથી. જે વ્યક્તિનો ચૈત્યપુરુષ વિકાસ પામેલો હોય એમને માટે યોગ્ય સ્ત્રી મેળવવી એ જરા મુશ્કેલ હોય છે. પરંતુ આ પ્રકારનું જોડાણ, આ પ્રકારની એકતા સંભવી શકે તો એ બંને (પુરુષ અને સ્ત્રી) માટે મહત્તર મદદરૂપ બની રહે છે.

શિષ્ય : આધ્યાત્મિક જીવનની અભીપ્સા સેવનાર વ્યક્તિ ધારો કે લગ્ન કરી લે તો એનું શું થાય ?

શ્રી અરવિન્દ : એવી વ્યક્તિ જો લગ્ન કરી લે તો ત્રણ વસ્તુઓ બની શકે :

(૧) જો એ સામાન્ય લગ્ન હોય તો એ કાળજી, ચિંતા, ઉત્કંઠા, જવાબદારીઓથી લદાવા ઉપરાંત એને ચેતનાના નિમ્ન સ્તરે ખેંચીને ઉતારી દેવામાં આવે.

(૨) લગ્ન દ્વારા એનો પૂરેપૂરો આધ્યાત્મિક વિનાશ થઈ જાય.

(૩) અને જો એને યોગ્ય પ્રકારની સ્ત્રીનો સાથ મળે તો એને માટે એ મહાન મદદરૂપ બની રહે.

તમે 'દ'ને લખી શકો છો કે સમાજમાં હાલ એક સંસ્થા તરીકે જે લગ્નપ્રથા અસ્તિત્વમાં છે એમાં શ્રી અરવિન્દ માનતા નથી. તેઓ કોઈ પણ વ્યક્તિને લગ્ન કરવા કે લગ્ન ન કરવાનું જણાવતા નથી. એ નિર્ણય પૂરેપૂરી રીતે જે તે વ્યક્તિએ પોતે લેવાનો હોય છે.

(Evening talk with Sri Aurobindo, by A.B. Purani, pp 148-50)

કામવૃત્તિ, નીતિમયતા અને યોગ

શ્રી અરવિન્દ : જાતિય સંભોગ એ નીતિવાદીઓ માને છે એમ જાતે કરીને ખરાબ વસ્તુ નથી. એ છે પ્રકૃતિની પ્રક્રિયા, જેનો પોતાનો હેતુ છે અને એ નથી ખરાબ વસ્તુ કે નથી સારી વસ્તુ. પરંતુ યૌગિક દૃષ્ટિએ જોતાં જાતિય શક્તિ એ જગતમાંની મોટામાં મોટી શક્તિ છે. અને એનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો સ્વરૂપમાં નવું સર્જન કરવામાં, નવું જોમ રેડવામાં મદદરૂપ થાય છે. પરંતુ સામાન્ય રીતે એનો મરજી મુજબ ભોગ ભોગવવામાં ઉપયોગ કરવામાં આવે તો

એ બે કારણોસર મહાન અવરોધરૂપ બની રહે છે. પ્રથમ, સંભોગની ક્રિયામાં પ્રાણમય શક્તિ મોટા પ્રમાણમાં ખર્ચાઈ જતી હોય છે. એ છે મૃત્યુ પરત્વેનું પગલું. અલબત્ત, નૂતન જીવનના સર્જનથી આ નુકશાન ભરપાઈ થઈ જતું હોય છે. એ ક્રિયા કર્યા બાદ જે થાક અનુભવાય છે તે એ વાતનો પુરાવો છે કે એ ક્રિયા મૃત્યુ પરત્વેનાં પગલાં સમાન છે. ઘણા લોકો તો એ ક્રિયા કર્યા બાદ ઘૃણાની લાગણી અનુભવતા હોય છે.

બીજું કારણ છે : સામાન્ય કક્ષાની સંભોગની પ્રક્રિયા સાથે જે આવેશ ભળતો હોય છે તે માણસની ચૈત્ય શક્યતાઓનો નાશ કરી દે છે.

ચેતનાનાં ઉચ્ચ કેન્દ્રોથી માણસ અલગ પડી જઈ, જુદો થઈ જઈ અધઃપતન પામે છે. લોકો એમ જણાવે છે કે સંભોગની પ્રક્રિયા દરમિયાન અમે એવું વલણ અપનાવીએ છીએ કે એ તો શક્તિ અમારા માધ્યમ દ્વારા ભોગ ભોગવતી હોય છે. પરંતુ એ તો માત્ર કહેવાની એક રીત છે. લોકો નિમ્ન ગતિવિધિઓમાં છૂટથી ભાગ લેતા હોય છે. પ્રભુવિરોધી શક્તિઓને તાબે થતા હોય છે અને સાથેસાથે પોતાને યોગી કહેવડાવતા હોય છે. ઘણી વખત તો પ્રભુવિરોધી શક્તિઓને તાબે થવા માટે વેદાન્તિક વલણને બહાનું બનાવવામાં આવતું હોય છે. 'આ સર્વ માયા છે, ભ્રાંતિ છે, સદ્‌ગુણ જેવું કશું છે નહિ. પાપ જેવું પણ કંઈ નથી. સારું પણ કંઈ નથી અને કંઈ ખરાબ પણ નથી.' આમ તેઓ બોલે છે અને પોતાની જાતને નિમ્ન પ્રાણમય બળોને સોંપી દેતાં હોય છે.

શિષ્ય : પરંતુ પ્રકૃતિની નિમ્ન ગતિવિધિઓ જાતે જ પ્રભુવિરોધી નથી ?

શ્રી અરવિન્દ : ના, પરંતુ એ પ્રભુવિરોધી બળો પરત્વે ખુલ્લા થવાની તક પૂરી પાડે છે અને પ્રભુવિરોધી બળો એ નિમ્ન ગતિવિધિઓનો ઉપયોગ પોતાનો હેતુ પાર પાડવા કરી લેતાં હોય છે.

શિષ્ય : સંભોગની ક્રિયાની નિમ્ન કક્ષાએ લઈ જતી અસર બાબતે શું લગ્ન અને કાયદાની મંજૂરી એમાં કોઈ તફાવત ઊભો કરી શકે ?

શ્રી અરવિન્દ : સહેજ પણ નહિ. આ નીતિમય તાકીદો સમાજવ્યવસ્થાને જાળવી રાખવા માટે હોય છે, જન્મ પામતાં બાળકોના કલ્યાણાર્થે હોય છે. પરંતુ યૌગિક જીવનને લાગેવળગે છે ત્યાં સુધી પોતાની પત્ની સાથે ભોગવેલ સંભોગ એ અન્ય કોઈ સ્ત્રી સાથે કરેલા સંભોગ જેટલો જ હાનિકારક ગણાય. માત્ર એવા લોકો, જેઓ માનવ કક્ષાથી ઉપર ઊઠ્યા હોય, જે લોકો પાસે અમુક પ્રકારની આધ્યાત્મિક શક્તિ તેમ જ જીવન–શક્તિ હોય તે જ સંભવતઃ સંભોગની ક્રિયાનો યોગ્ય ઉપયોગ આધ્યાત્મિક હેતુ અર્થે કરી શકે. નિમ્ન અવસ્થાએ રહેતા સાધકો જો આ વસ્તુઓ કરવા લાગે તો નિશ્ચિતપણે તેમનું પતન જ થાય.

(Evening talk with Sri Aurobindo, by A.B. Purani, p 118)

*

સ્ત્રીઓ તે સ્ત્રીઓ છે એમ ભૂલી જઈ તેઓ માનવ સ્વરૂપો છે એ રીતે તમે એમને મળો ત્યારે જ માત્ર સ્ત્રીઓ સાથે તમે સાચા સંબંધો સ્થાપી શકો. — તમે જ્યારે સ્ત્રીઓ પ્રતિની તમારી લાગણી અને ક્રિયામાં જાતિયતાને ભૂલી જઈ શકો તો જ તમારા એમની સાથેના સંબંધો યોગ્ય સંબંધો બની રહે.

*

અન્ય લોકોને, ખાસ કરીને સ્ત્રીઓને મળવા માટે નિમ્ન પ્રાણમાં બળ અને શુદ્ધિ તથા હૃદયમાં પ્રજ્ઞા હોવી એ છે શ્રેષ્ઠ અવસ્થા. અને આ અવસ્થા હંમેશાં જળવાઈ રહે તો કામવાસના ભાગ્યે જ એમાં ડોકિયું કરી શકે. (CWSA 31 : 350)

*

નૂતન જીવનમાં પુરુષ અને સ્ત્રી શું ભાગ ભજવશે ? એમના સંબંધો કેવા હશે ?

એ બે વચ્ચે પુરુષ અને સ્ત્રી એવો ભેદ શા માટે કરવો ?

એ બંને ઈશ્વરના કાર્ય માટે યોગ્ય કરણ બનવાનો પ્રયત્ન કરતાં માનવ સ્વરૂપો છે. જાતિ, જ્ઞાતિ, પંથ અને રાષ્ટ્રીયતાથી પર. એ સર્વે એક જ પરમા મા ભગવતીનાં સંતાનો છે. એક અને શાશ્વત ઈશ્વરત્વની અભીપ્સા સેવતાં બાળકો છે. (CWSA 8 : 242)

એવી ઘણી સ્ત્રીઓ હોય છે કે તેઓ મન વડે, ચૈત્ય પુરુષ વડે અને પ્રાણ વડે (હૃદયથી) પ્રેમ કરી શકે છે, પરંતુ તેમને શરીરને સ્પર્શ થાય તે રુચતું નથી અને એ અરુચિ ચાલી જાય ત્યારે પણ શારીરિક ક્રિયા તો તેમને ઘૃણાજનક જ રહેતી હોય છે. દબાણને લીધે તેઓ આ બાબતમાં નમતું આપે પણ ખરી, પરંતુ તેમ છતાં આ ક્રિયા સાથે તેમને સમાધાન રહેતું નથી. એ ક્રિયા તેમને હંમેશાં પશુના જેટલી અધોગામી લાગે છે. સ્ત્રીઓ આ વાત જાણતી હોય છે, પણ એ વસ્તુ સાચી માનવાનું પુરુષોને મુશ્કેલ લાગે છે; પણ તે વસ્તુ પૂરેપૂરી સાચી છે.

(વ્યવહારુ માર્ગદર્શન- ભાગ-૨ પૃ. ૪૬)

*

બ્રહ્મચર્યનો સિદ્ધાંત

પુરાતન કાળના આર્યો જાણતા હતા કે મનુષ્ય વિશ્વથી અલગ અસ્તિત્વ ધરાવતો નથી, પરંતુ જેમ સમુદ્રમાં મોજું હોય છે તેમ તે એના ચોક્કસ ભાગરૂપ છે. અને એક બલ, શક્તિ, માયા અથવા પ્રકૃતિ આ વિશ્વને વ્યાપીને રહેલી છે. એ સર્વ નામ અને રૂપમાં પોતાને વહાવી રહી છે. માટીનું ઢેફું, વૃક્ષનો છોડ, જંતુ, પશુ અને મનુષ્યો તેમના દૃષ્ટિવિષયક સ્વરૂપોમાં આ શક્તિના ઓછાવત્તા અંશે કાર્યક્ષમ આધાર છે, આપણે દરેક એક એવા ડાયનેમો છીએ જેમાં એ શક્તિનાં મોજાં ઉત્પન્ન કરવામાં અને સંગ્રહ કરવામાં આવેલાં છે અને વળી એ મોજાંઓ સતતપણે સંગ્રહાઈ રહ્યાં છે, વપરાઈ રહ્યાં છે. અને તેમનો તાજો જથ્થો વપરાયેલી શક્તિને સ્થાને ઉમેરાઈ રહ્યો છે. જે બળ આકાશના તારામાં અને ગ્રહમાં ગતિમાન છે, તે જ આપણને ચલાવી રહ્યું છે અને આપણા સર્વ વિચારો અને ક્રિયાઓ એની લીલા માત્ર છે અને એનાં કાર્યોની સંકુલતામાંથી એ લીલા જન્મેલી છે. મનુષ્ય પોતાની એક આધાર તરીકેની શક્તિ વધારી શકે એવી પ્રક્રિયાઓ અસ્તિત્વમાં છે. બીજી એવી પ્રક્રિયાઓ પણ છે જેમના વડે એ પોતાની અને વૈશ્વિક શક્તિની વચ્ચેના માર્ગમાંથી અડચણોને દૂર કરી શકે છે અને પોતાના આત્મા અને મગજ અને શરીરમાં એના વડે તે વધુ જથ્થાને વહાવી શકે છે. આ રીતે આધારને અવિરતપણે સુધારતાં જવું અને એને સભર ભરીને રહેલી શક્તિના પ્રમાણમાં અને સંકુલતામાં વધારો કરતાં જવું એ તો ઉત્ક્રાંતિનો સમગ્ર ઉદ્દેશ્ય છે. જ્યારે માનવીની ધારણાશક્તિની શક્યતાના પ્રમાણમાં એ શક્તિ એના પ્રકાર અને પ્રમાણમાં મનુષ્યના આધારમાં વધુમાં વધુ હોય છે, અને એ આધારને પણ એ શક્તિના અંતર્ગત મન અને લીલાને સારી રીતે પચાવી-ધારણ કરી શકે એવી શિક્ષા આપવામાં આવેલી હોય છે, ત્યારે એ મનુષ્ય એક સિદ્ધ બની જાય છે. સંપૂર્ણ, અથવા પરિપૂર્ણ મનુષ્ય બની જાય છે, એની ઉત્ક્રાંતિ થવાનું કાર્ય સમાપ્ત થઈ જાય છે અને જે ઉત્કટ વિકાસને માટે સમગ્ર માનવસમૂહ યુગયુગોથી જહેમત ઉઠાવી રહ્યો છે તે વસ્તુ એ વ્યક્તિ માટે સમાપ્ત, સંપૂર્ણ રીતે સિદ્ધ થઈ ગઈ હોય છે.

જો આ સિદ્ધાંત સાચો હોય તો બુદ્ધિની ક્રિયાના આ પાયાની શક્તિ આપણી અંદર જ હોવી જોઈએ અને લગભગ અમર્યાદિત ગણી શકાય તેટલા અંશે એનો વિસ્તાર અને સમૃદ્ધ ઉપયોગ થઈ શકે તેવી ક્ષમતા એમાં રહેલી હોવી જોઈએ. અને આ સિદ્ધાંત પણ સંગીનપણે પાયાદાર હોવો જોઈએ કે, આપણે જેટલા વધુ પ્રમાણમાં આ શક્તિને વધારીએ અને સમૃદ્ધ કરીએ તેટલા પ્રમાણમાં આપણા મનની શક્યતાઓ, વ્યાપ, શક્તિ અને કાર્યોની સક્રિયતા વધારે સિદ્ધ થાય અને પરિણામે આપણી બુદ્ધિશક્તિનું જોમ અને આપણી પ્રાપ્તિ પણ વધુ ઉચ્ચ પ્રમાણમાં સિદ્ધ થાય. પુરાતન કાળના આર્યોએ જે પ્રથમ સિદ્ધાંતના પાયા ઉપર તેમની શિક્ષણ પદ્ધતિની રચના કરી હતી તે આ હતો અને શકિતના વર્ધમાન સંગ્રહ માટે જે મુખ્ય પ્રક્રિયાનો તેઓ ઉપયોગ કરતા તે હતી બ્રહ્મચર્યનું પાલન.

બેવડી મુશ્કેલી

આ બાબતમાં બેવડી મુશ્કેલી રહેલી છે : માનસિક અને ઇન્દ્રિયગતઃ માનસિક મુશ્કેલી, અવિકસિત પશુતાની જીવન ઉપર અસર થવાને કારણે ઊભી થાય છે, ખાસ કરીને જ્યારે શરીર તેની સ્થૂલ અંધ પ્રેરણાઓ, આવેગો અને કામનાઓને દઢતાપૂર્વક આગળ કર્યા કરે છે ત્યારે. ઇન્દ્રિયગત મુશ્કેલી આપણું ઇન્દ્રિયોનું માળખું અને સેન્દ્રિય સાધનો, ઊર્ધ્વતર દિવ્ય પ્રકૃતિનાં કાર્યો ઉપર પોતાની મર્યાદાઓ લાદવાને પરિણામે પેદા થાય છે. આ બે મુશ્કેલીઓમાંની પહેલી મુશ્કેલીની સાથે કામ પાડીને જીતવી એ સહેલી વસ્તુ છે; કારણ કે અહીં આપણી સંકલ્પશક્તિ વચમાં પડી શકે અને શરીર ઉપર ઊર્ધ્વતર પ્રકૃતિની શક્તિનું દબાણ લાવી શકે છે. આ પૈકી શરીરના કેટલાક આવેગો અને વૃત્તિઓ, આધ્યાત્મિક અભીપ્સુ માટે વિશેષરૂપે નુકશાનકારક જણાયા છે અને ત્યાગીની જેમ દેહના ત્યાગની જરૂરિયાતની બાબતમાં આ વસ્તુ વધુ વજનદાર ગણાઈ છે; કામ અને કામુકતા અને જે કાંઈ કામવાસનામાંથી પ્રગટ થાય છે અને તેના અસ્તિત્વને ટેકો આપે છે તે સર્વ ઉપર પ્રતિબંધ મૂકવો પડેલો અને આધ્યાત્મિક જીવનમાંથી તેનો સર્વથા ત્યાગ કરવામાં આવેલો. આ વસ્તુ જો કે મુશ્કેલ છે, છતાં જરા પણ અશક્ય નથી અને આધ્યાત્મિક સાધક બનવા માટે મુખ્ય શરત તરીકે રજૂ થઈ શકે છે. આ વસ્તુ સર્વ પ્રકારના ત્યાગપ્રધાન માર્ગો માટે સ્વાભાવિક અને અનિવાર્ય છે અને શરૂઆતમાં આ શરત પૂરી કરવી જો કે સહેલી ન હોય, છતાં કેટલાક સમય પછી એ પૂરી કરવી શક્ય બને છે; જાતિય વાસના અને આવેગ ઉપરનું પ્રભુત્વ, જે જે લોકોને આત્મસંયમ પ્રાપ્ત કરવો હોય છે તેમને માટે અને જેઓ આધ્યાત્મિક જીવન ગાળવા માગતા હોય છે તેમને માટે બંધનકારક છે, સર્વ આધ્યાત્મિક સાધકો માટે, એના ઉપર સંપૂર્ણ પ્રભુત્વ મેળવવું અનિવાર્ય છે, જ્યારે પૂર્ણ ત્યાગી માટે એનો વિધ્વંસ પણ જરૂરી છે. આ વસ્તુનો સ્વીકાર કરવો પડે તેમ છે અને એની જે ફરજિયાત અગત્ય છે અને એની પાછળ જે સિદ્ધાંત સમાયેલો છે તેનું મૂલ્ય ઓછું આંકવાનું કરવાનું નથી.

*

જાતિય આવેગ પાછળ રહેલો સિદ્ધાંત

પરંતુ ગ્રામ્ય અને સ્થૂલ સ્વરૂપમાં કામ—આવેગનો જે ભોગ કરવામાં આવે છે તેને બાદ કરીએ તો, જાતીય તત્ત્વને, પૃથ્વી ઉપરના દિવ્ય જીવનમાંથી દૂર રાખી નહિ શકાય. એનું જીવનમાં તો અસ્તિત્વ છે જ, એ તેમાં એક મોટો ભાગ ભજવે છે. એની સાથે કામ પાડવાનું રહે છે જ. એની અવજ્ઞા કરીએ, દબાવી દઈએ અથવા નીચે પાડી દઈએ કે તેના તરફથી દૃષ્ટિ ફેરવી લઈએ તો પણ નહિ ચાલે. એનું કારણ એ કે, પ્રથમ તો એનું એક પાસું એક વૈશ્વિક અને દૈવી તત્ત્વનું છે; એ પાસું ઈશ્વર અને શક્તિ સ્વરૂપનું છે. એમના વિના કોઈ પણ પ્રકારના વિશ્વનું સર્જન શક્ય ન થાત અથવા પુરુષ અને પ્રકૃતિરૂપ વિશ્વવ્યાપી તત્ત્વો કે જે બંને સૃષ્ટિમાં સર્જનને માટે, તેમના પરસ્પરના સંબંધ અને આપ લે માટે, એમના મનોવૈજ્ઞાનિક કાર્યને માટે

અને વિશ્વની લીલાને માટે સમગ્ર પાયાની જરૂરિયાત રૂપ છે, તેમનું અસ્તિત્વ જ ન હોત. ખુદ દિવ્ય જીવનમાં પણ આ બે શક્તિઓ અથવા તેમનાં દેહધારી સત્ત્વો અથવા પ્રતિનિધિઓની સર્જકશક્તિની જરૂર નૂતન સર્જનને શક્ય બનાવવા માટે જરૂરી રહેવાની. મનુષ્યની ક્રિયાઓમાં પણ, મનોમય અને પ્રાણમય સ્તર ઉપર જાતિય વૃત્તિ એક તદ્દન અદિવ્ય તત્ત્વ હોય જ એવું નથી; એનાં પણ ઉમદા પાસાં અને આદર્શો છે અને એમનો સમાવેશ નૂતન અને વિશાળતર જીવનમાં કઈ રીતે થઈ શકે એ જોવામાં આવ્યું છે. સર્વ પ્રકારની સ્થૂલ પાશવ કામોપભોગની કામના અને વૃત્તિનો ધ્વંસ કરી નાખવો પડશે; એ કેવળ એવા લોકોમાં ચાલુ રાખી શકાશે જેઓ ઊર્ધ્વતર જીવન માટે તૈયાર ન હોય. અથવા હજી પૂર્ણ આધ્યાત્મિક જીવન માટે પણ તૈયાર ન હોય. જે લોકો એ પ્રકારના આધ્યાત્મિક જીવનના અભીપ્સુઓ હશે પરંતુ હજી પૂર્ણપણે તેને અપનાવી નહિ શક્યા હોય તેવા લોકોમાં જાતીય વૃત્તિને સુસંસ્કૃત બનાવવી પડશે. એ લોકોએ, એ વૃત્તિને આધ્યાત્મિક અથવા ચૈતસિક આવેગને વશ વર્તાવવી પડશે અને એના ઉપર ઊર્ધ્વતર મન અને ઊર્ધ્વતર પ્રાણનો કાબૂ મૂકી, એ વૃત્તિમાં રહેલ હલકટ, નિરર્થક અથવા અધમ સ્વરૂપોને ખેરવી નાખી અને પોતાના આદર્શની શુદ્ધિના સ્પર્શની લાગણીનો અનુભવ કરાવવો પડશે. પ્રેમ રહેશે; વધુ ને વધુ ઊર્ધ્વ થતાં જતાં પ્રેમનાં શુદ્ધ સત્યોનાં રૂપો, પોતે જ્યાં સુધી ઊર્ધ્વતમ પ્રકૃતિને પ્રાપ્ત નહિ કરી હોય, વિશ્વપ્રેમમાં પોતાનો આત્મવિસ્તાર નહિ કર્યો હોય અને પ્રભુના પ્રેમમાં પોતે એકરસ નહિ થઈ ગયાં હોય ત્યાંસુધી સર્વ પ્રેમસ્વરૂપો રહેશે. સ્ત્રી અને પુરુષ વચ્ચેનો પ્રેમ પણ એ પ્રકારનું ઊર્ધ્વીકરણ અને ચરિતાર્થતા પ્રાપ્ત કરશે; એનું કારણ એ છે કે આ જગતમાં જે કોઈ આદર્શ અને આધ્યાત્મિક વસ્તુનો સ્પર્શ અનુભવી શકતું હશે તેણે, તે પોતે, દિવ્ય સત્યને પહોંચે ત્યાં સુધી આરોહણને પંથે ચાલ્યે જ જવાનું રહેશે. શરીર અને તેની ક્રિયાઓને, દિવ્ય જીવનના એક ભાગ રૂપે સ્વીકારવી જોઈએ અને એમણે ઉપર જણાવેલ નિયમની કસોટીઓમાંથી પસાર થવું પડશે; પરંતુ ઉત્ક્રાંતિના પરિવર્તનના ગાળાઓમાં જે બન્યું છે તેમ, જે કાંઈ દિવ્ય જીવનનો નિયમ સ્વીકારી શકે તેવું નહિ હોય તો તેનો સ્વીકાર નહિ થઈ શકે અને તેણે ઊર્ધ્વગમન કરતી પ્રકૃતિમાંથી ખરી પડવું પડશે. (CWSA 31 : 543-44)

*

સંભોગની ક્રિયા અને પૂર્ણયોગ

તાંત્રિક મહાવરાઓ વિશેનું કોઈ પણ સૂચન એ નિશ્ચિતપણે પ્રાણ-શક્તિની યુક્તિ જ હોય છે. એ યુક્તિઓ સિવાય જ કામવાસનાના આવેગોને દૂર કરી દઈ શકાય છે. એ આવેગો ટકી રહેતા હોય છે કારણ કશુંક (અંદરનું કંઈક) એ માટે અલગ એવું ખાસ સ્થાન રાખી મૂકવા માગતું હોય છે. એટલે સાધના વિષયક પ્રશ્ન (આપણી સાધનામાં કામવાસનાનું સ્થાન શું છે ?) નો શ્રેષ્ઠ ઉત્તર છે : 'એને કોઈ સ્થાન છે નહિ.' કામવાસનાની વૃત્તિના સંતોષનો ત્યાગ સાધકે કરવો જ રહ્યો. અને દિવ્ય પ્રેમ તથા આનંદથી સંતોષી બની રહેવું.

*

કામવૃત્તિનો સંતોષ અને પૂર્ણયોગ બે સાથે થઈ શકે જ નહિ, એ રીતની સ્પષ્ટ સમજ અને અચૂક એવું માર્ગદર્શન ન હોવું એ જ છે સંપૂર્ણ ભૂલ. કામવૃત્તિનો સંતોષ ખુલ્લી રીતનો કે પછી અદ્ભુત રસસભર આકર્ષણના મુખવટા હેઠળ કામવાસનાને સાધનામાં મદદરૂપ બનાવી શકાય છે એવો જે મત છે તેને ઘણા લોકોએ એક કે બીજા રૂપમાં પકડી રાખ્યો છે ખરો, પરંતુ એ હંમેશાં વિઘ્નના પ્રચંડ પથરા સમાન પુરવાર થયો છે. જે લોકો આ મતમાં રાચતા રહે છે તે સૌને આ વિઘ્નનો અનુભવ થયો જ છે. કામવાસના સ્વરૂપને નિમ્ન કક્ષાએ પ્રાણમય શક્તિ સાથે જકડી રાખે છે અને પ્રકૃતિના રૂપાંતરના પાયા તરીકે જે એકદમ જરૂરી છે એ આધ્યાત્મિક મુક્તિ તે થવા દેતી નથી. ઉચ્ચતર અનુભૂતિઓ પણ જાતિય રંગે રંગાઈ જઈ એમના સત્ત્વમાં વિકૃત થઈ જતી હોય છે.

*

દિવ્ય આનંદ અને વિકૃત મોજશોખ વચ્ચેની પસંદગી

એમાં ડરનો પ્રશ્ન જ નથી — એ પ્રશ્ન છે **દિવ્ય શાન્તિ** અને **આનંદ** તથા કામવાસનાના વિકૃત મોજશોખ વચ્ચેની પસંદગીનો. ઈશ્વર પરત્વેના તથા સ્ત્રીઓ પ્રતિના આકર્ષણ વચ્ચેની પસંદગીનો. શરીરને ટકાવી રાખવા માટે ખોરાક લેવો પડે પરંતુ જાતિય સંતોષ એ જરૂરિયાત નથી. ખોરાકના રસ (સ્વાદ) બાબતે પણ કહી શકાય કે એને આધ્યાત્મિક અવસ્થા સાથે સુમેળમાં માત્ર ત્યારે જ લાવી શકાય, જો ખોરાક માટેની સર્વ પ્રકારની લાલસા અને સ્વાદેન્દ્રિય (જીભ)ની લાલસા અદૃશ્ય થઈ ગઈ હોય તો. બુદ્ધિગમ્ય આનંદ અને સૌન્દર્યની ઉપાસનાનો આનંદ, જો વ્યક્તિ એની સાથે આસક્ત થઈ હોય તો આધ્યાત્મિક પૂર્ણતાના માર્ગમાં અવરોધરૂપ બને છે.... ખરી રીતે તો આધ્યાત્મિક ચેતનાના ભાગ રૂપ બની રહેવા માટે બુદ્ધિગમ્ય અને સૌન્દર્ય ઉપાસક આનંદે પણ બદલાવું પડે અને કંઈક ઉચ્ચતર વસ્તુ બનવું પડે. પરંતુ જેમાં રસ હોય એવી સર્વ વસ્તુઓને જાળવી રાખી શકાય નહિ. કોઈને દુભાવવામાં, કોઈને યાતના આપવામાં, કોઈને મારી નાખવામાં પણ રસ તો રહેલો હોય છે, એક પ્રકારનો ક્રૂર આનંદ રહેલો હોય છે. પોતાની જાત ઉપર જુલ્મ ગુજારવામાં પણ દુઃખી થવાનો વિકૃત આનંદ રહેલો હોય છે. કોઈ પણ વસ્તુમાં રસ હોવો એ માત્ર પૂરતું કારણ ન હોઈ શકે કે એ વસ્તુને આધ્યાત્મિક જીવનના ભાગરૂપ સ્વીકારી શકાય.

*

પ્રાણમય આદાન-પ્રદાન

આ યોગનો સમગ્ર સિદ્ધાંત જ એ છે કે તમારી જાતને સમગ્રપણે માત્ર ઈશ્વરને જ સોંપી દેવી અન્ય કોઈ વ્યક્તિ, કે અન્ય કોઈ પણ વસ્તુને નહિ. અને દિવ્ય મા ભગવતીની શક્તિ સાથે એકતા કેળવીને આપણી અંદર અતિમાનસ ઈશ્વરનો સર્વ પરાત્પર પ્રકાશ, શક્તિ, વિશાળતા, શાન્તિ, શુદ્ધતા, સત્ય-ચેતનાને ઉતારી લાવવાં. અને એટલા માટે જ આ યોગમાં અન્ય સાથે પ્રાણમય સંબંધો કે પ્રાણમય આદાનપ્રદાન માટે કોઈ સ્થાન હોઈ શકે જ નહિ. આ પ્રકારનો

કોઈ પણ સંબંધ કે એવું કોઈ પણ આદાન-પ્રદાન તુર્ત જ આત્માને નિમ્ન ચેતના સાથે બાંધી દે છે અને એની નિમ્ન પ્રકૃતિ ઈશ્વર સાથે સાચી અને સંપૂર્ણ એકતાને અટકાવે છે તથા અતિમાનસ સત્ય પરત્વેના આરોહણને તેમ જ અતિમાનસ ઈશ્વરીય શક્તિના અવતરણને અટકાવે છે. આ પ્રકારનું આદાન-પ્રદાન જો જાતિય સંબંધનું સ્થાન લે તો પરિસ્થિતિ વધુ ખરાબ બની રહે... અને માટે જ આ પ્રકારના પ્રાણમય આદાન-પ્રદાન પર સાધનામાં સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. એ કહેવાની જરૂર રહેતી જ નથી કે જાતિયતાને લગતી કોઈ પણ શારીરિક ક્રિયાને માન્ય કરી શકાય જ નહિ; એનું કોઈ પણ પ્રકારનું સૂક્ષ્મ સ્વરૂપ પણ સ્વીકારી શકાય જ નહિ.

*

સાધનામાં કામવાસનાનું જોખમ

જ્યાં સુધી કામવાસના માર્ગમાં અંતરાયરૂપ બની રહે ત્યાં સુધી સંપૂર્ણ આરોહણ અશક્ય છે. પ્રાણમય સ્વરૂપમાં કામવાસના પ્રબળ હોય ત્યાં સુધી અવતરણ જોખમકારક બની રહે... સાધકે એટલા માટે આ અંતરાયને માર્ગમાંથી દૂર કરવો જ રહ્યો. આમ ન થાય તો પછી સાધનામાં ન તો સલામતી રહે કે ન સાધનામાં અંતિમતા પ્રતિની ગતિમાં મુક્ત ગતિવિધિ જળવાઈ રહે. (CWSA 31 : 454-505)

*

રેતસનું ઓજસમાં રૂપાંતર

પ્રશ્ન : એક દિવસ અમારે એવી ચર્ચા થયેલી કે બ્રહ્મચર્યને પરિણામે શરીરમાંની જાતિય ગ્રંથિઓ ક્ષીણ થઈ જાય એ શક્ય ખરું કે નહિ ? યોગીઓ તો કહે છે કે આવી રીતના બ્રહ્મચર્ય દ્વારા જ તેજસ અને ઓજસ ઉત્પન્ન કરી શકાય છે.

શ્રી અરવિન્દ : એ વાત સાચી છે. બ્રહ્મચર્યનો આખોયે સિદ્ધાંત યોગીઓએ આ વસ્તુ ઉપર બાંધેલો છે. એમ ન હોત તો તેજસ અને ઓજસ ઉત્પન્ન કરવા માટે બ્રહ્મચર્યની જરૂર ન રહેત. આમાં બળ અને શક્તિનો જ માત્ર પ્રશ્ન નથી, પણ શારીરિક આધારનો પ્રશ્ન છે. આ શારીરિક આધારમાં બ્રહ્મચર્ય દ્વારા ઉત્પન્ન થયેલું ઓજસ ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. રેતસનું ઓજસમાં રૂપાંતર થવું એ શારીરિક તત્ત્વનું એક શારીરિક શક્તિ રૂપે થતું રૂપાંતર છે. (અને એ શક્તિ પ્રાણમય શારીરિક રીતની પણ હોય જ છે) એકલી આધ્યાત્મિક શક્તિ પ્રાણમય અને મનોમય શક્તિઓની માફક શરીરને કાર્યમાં માત્ર ધકેલી શકે છે ખરી પણ એ શરીર પાસે જો એક શારીરિક આધાર ન હોય તો શરીરને એ રીતે ધકેલીને કામ લેવા જતાં એ બિચારું ખલાસ થઈ જાય. (બેશક, હું આ સામાન્ય રીતની આધ્યાત્મિક શક્તિની જ વાત કરું છું, અતિમાનસ શક્તિની નહિ. અને એ શક્તિ રૂપે બનવા માટે આપણે રેતસનું ઓજસમાં જ નહિ પરંતુ ઓજસનું પણ એથી ય કોઈ વિશેષ ઊર્ધ્વ તત્ત્વમાં રૂપાંતર કરવું પડશે.)

*

હસ્ત મૈથુન

તમે જે ટેવની વાત કરો છો તે અતિશય નુકશાનકારક તેમ જ જોખમકારક છે. જે ઊર્જાનો સાધના માટે સંગ્રહ કરવાનો હોય છે તેનો એ બગાડ કરે છે. એ મનને નિર્બળ કરે છે, ચેતનાને વિકેન્દ્રિત કરે છે, મજ્જાતંતુને બળહીન બનાવી દે છે, જીવનશક્તિને ક્ષીણ કરી નાખે છે, શરીરમાં જડતા અને અશક્તિ ઉત્પન્ન કરે છે.... મોટેભાગે આ ટેવ આરોગ્યના વિનાશમાં પરિણમે છે અને શરીરને ખાઈ જતી બીમારીને લઈ આવે છે. એ ટેવ નિરંકુશ બની જાય ત્યારે આ પ્રકારનાં પરિણામો આવતાં હોય છે. જે લોકો પર આ ટેવ સવાર થઈ જાય તે લોકોએ જે એક વસ્તુ કરવાની રહે છે તે એ કે — ટેવને પૂરેપૂરી રીતે છોડી દો, કોઈ પણ જાતની તડજોડ વગર સદાને માટે એ ટેવથી મુક્ત થઈ જવું. અને લિંગને કદાપિ સ્પર્શ પણ ન કરવો.

*

વૃત્તિને દબાવવી અને પ્રભુત્વ સ્થાપવું - બે વચ્ચેનો તફાવત

તમે આનાથી વિરુદ્ધ અભિપ્રાય વિશે કહો છો તે કદાચ એવા વિચારને લઈને હોય કે કામવાસના માનવની પ્રાણમય-શારીરિક સમગ્રતાનો એક નૈસર્ગિક ભાગ છે; તે ખોરાક અને નિદ્રાની માફક એક જરૂરિયાત છે, તેને સંપૂર્ણપણે રોકી રાખવાથી અસમતુલા અને ગંભીર પ્રકારની અવ્યવસ્થા તરફ દોરી જાય છે. એ હકીકત છે કે કામવાસનાને બાહ્ય અભિવ્યક્તિમાં દબાવવાથી પરંતુ બીજી રીતે એનું લાલન કરવાથી સમગ્ર શરીરતંત્રની અવ્યવસ્થા તથા માનસિક મુશ્કેલીઓ તરફ તે દોરી જાય. ડૉક્ટરી સિદ્ધાંતનું જે મૂળ છે તે કામવાસનાના સંયમને નિરુત્સાહ કરે છે. પરંતુ મેં નિરીક્ષણ કરેલું છે કે આવી વસ્તુઓ ત્યારે જ બને છે જ્યારે એક વિકૃત પ્રકારનો ગુપ્ત આનંદ સામાન્ય કામવાસનાની ક્રિયાની જગાએ સ્થાપિત કરવામાં આવે યા તો કોઈ સૂક્ષ્મ રીતના પ્રાણમય આનંદને કલ્પના દ્વારા માણવામાં આવે અથવા ગુહ્ય પ્રકારનું અદશ્ય પ્રાણમય આદાન-પ્રદાન કરવામાં આવે - હું ધારતો નથી કે જ્યારે તેના ઉપર સ્વામિત્વ અથવા સંયમ પ્રાપ્ત કરવાના સાચા આધ્યાત્મિક પ્રયત્નોથી કોઈ નુકશાન કદી પણ થાય....

સ્વામિત્વ પ્રાપ્ત કરવા માટે કેવળ શારીરિક ક્રિયા રોકવાથી જ તે બની શકે નહિ. તે અનાસક્તિ અને ઇનકાર બન્નેની સંયુક્ત પ્રક્રિયા દ્વારા આગળ પ્રગતિ કરે છે. ચેતના કામવાસનાના આવેગથી અલગ થઈને પાછળ ઊભી રહે છે, તે એ વસ્તુને પોતાની તરીકે અનુભવતી નથી, તેને પ્રકૃતિ-શક્તિ દ્વારા પોતાના ઉપર ફેંકાયેલી વિદેશી વસ્તુ તરીકે ગણે છે અને તેને સંમતિ આપવાનો ઇનકાર કરે છે અથવા તેની સાથે તાદાત્મ્ય કેળવતી નથી — દરેક સમયે ઇનકારની અમુક ગતિ તેને વધારેને વધારે બહાર ફેંકે છે. મનને તેનાથી કોઈ અસર થતી નથી; થોડા સમય પછી પ્રાણમય પુરુષ જે તેનો મુખ્ય સહાયક હોય છે તે તેમાંથી તે જ રીતે પાછો હઠી જાય છે. અને છેવટે શારીરિક ચેતના તેને ટેકો આપતી નથી. આ પ્રક્રિયા ત્યાં સુધી ચાલ્યા કરે છે જ્યાં સુધી અવચેતન પણ તેને સ્વપ્નમાં જાગ્રત કરી શકતું નથી અને બાહ્ય પ્રાકૃતિક-શક્તિમાંથી કોઈ પણ ગતિ આ નિમ્ન અગ્નિને ફરીથી

પ્રજ્જ્વલિત કરી શકતી નથી. જ્યારે કામવાસનાની શક્તિ જિદ્દી રીતે ચોંટી રહે છે ત્યારે આ પ્રકારનો સામાન્ય રીતે કાર્યક્રમ હોય છે; પરંતુ કેટલાક એવા માણસો પણ હોય છે જેઓ તેનો નિશ્ચયાત્મક રીતે છેદ ઉડાવી દે છે અને પ્રકૃતિમાંથી એક જ ઝડપે મૂળભૂત રીતે તેને ખંખેરી નાખે છે. પરંતુ તે વસ્તુ ઘણે ભાગે બહુ વિરલ હોય છે.

એમ કહેવું જોઈશે કે સાધનામાં કામ-આવેગનો સંપૂર્ણ ત્યાગ કરવો એ સૌથી મુશ્કેલ વસ્તુમાંની એક છે, અને તે સમય લે તેના માટે માણસે તૈયારી રાખવી જોઈએ.

(યોગ વિશે પત્રો : પૃ. ૪૪૪-૪૪૫)

*

કામવાસનાનો પૂર્ણ ઇનકાર અને રૂપાંતર

દાખલા તરીકે, આ પ્રશ્નને બરાબર રજૂ કરી આપે તેવી એક ઘણી નક્કર વસ્તુ લઈએ : એ છે માનવજાતિમાં રહેલી કામવૃત્તિ. એ વૃત્તિ તદ્દન સ્વાભાવિક છે, સહજ છે અને હું એમ પણ કહું કે તે સાચી પણ છે. આ વૃત્તિ, માણસમાંથી પશુપણું ચાલ્યું જશે તેની સાથે સાથે સ્વાભાવિક રીતે અને સહજપણે ચાલી જવાની છે. (બીજી ઘણી વસ્તુઓ પણ ચાલી જશે, જેમ કે, ખાવાની જરૂર અને કદાચ આપણે અત્યારે ઊંઘીએ છીએ તે રીતે ઊંઘવાની જરૂર પણ ચાલી જશે); પણ આ કામવૃત્તિ અંગેની પ્રવૃત્તિ તે ઉચ્ચ માનવજાતિમાં એક અત્યંત સભાન વૃત્તિ તરીકે તો રહેલી જ છે, અને તે આનંદના, પ્રમોદના, એને માટે પરમાનંદ શબ્દ તો જરા મોટો પડે, મૂળ તરીકે તો ચાલુ જ રહેલી છે. પરંતુ એ કામવૃત્તિની રીતે સર્જન કરવાની જરૂર જ્યારે રહેશે નહિ ત્યારે પછી કુદરતની ક્રિયાઓમાં તેણે ટકી રહેવા માટે કોઈ પણ કારણ રહેવાનું નથી. અને તેના પરિણામે, જીવનના આનંદ સાથે સંબંધમાં આવવાની જે શક્તિ છે તે એક પગથિયું ઊંચે ચડેલી બનશે અથવા તો જુદી દિશામાં ગતિ કરવા લાગશે. પણ પહેલાના આધ્યાત્મિક સાધકો જે વસ્તુ સિદ્ધાંત તરીકે કરવા માગતા હતા — કામવૃત્તિનો પૂર્ણ ઇનકાર — એ તો એક અર્થહીન વસ્તુ જ છે. કેમ કે આ વસ્તુ તો જે લોકો પશુ અવસ્થાથી ઉપર ચાલ્યા ગયેલા છે અને જેમનામાં હવે કશું પશુતત્ત્વ રહેવા પામ્યું નથી એમના જ માટે બનવાની છે. અને એ કામવૃત્તિ કશા પ્રયત્ન વિના અને કશી ખેંચતાણ વિના કુદરતી રીતે જ ખરી જાય એમ બનવાનું છે. એને એક સંઘર્ષનું અને ખેંચતાણનું મધ્યબિંદુ બનાવી દેવું એ તો હાસ્યાસ્પદ છે. ચેતના જ્યારે માનવ કક્ષાની રહેતી નથી ત્યારે એ વૃત્તિ કુદરતી રીતે જ ખરી જાય છે. આ બાબતમાં પણ સંક્રાંતિનો એક ગાળો આવે છે ખરો અને તે થોડોઘણો મુશ્કેલ પણ બની શકે છે. કારણ કે સંક્રાંતિની અવસ્થામાં રહેતાં માણસોની સમતુલા હંમેશાં અસ્થિર રહેતી હોય છે; પરંતુ તેમની ભીતર એક રીતની જ્વાલા જલતી હોય છે, તેમને એક ક્ષુધા લાગેલી હોય છે અને તેને લીધે આ વસ્તુ કંઈ વેદના રૂપ બનતી નથી — એ પ્રયત્ન વેદનામય બનતો નથી, એને આપણે હસતાં હસતાં કરી શકીએ છીએ. પણ જે લોકો આ સંક્રાંતિ માટે તૈયાર નથી તેમના ઉપર એ લાદવાનો પ્રયત્ન કરવો એ તો અર્થહીન જ છે.

આ સામાન્ય બુદ્ધિની વસ્તુ છે. આ બધાં મનુષ્યો છે, પણ એ લોકોએ પોતે મનુષ્ય નથી એવો કોઈ દંભ કરવાનો નથી.

આ કામવૃત્તિ તમારે માટે જ્યારે આપોઆપ જ અશક્ય બની જાય, તમને એમ લાગે કે આ કોઈ દુઃખદાયક વસ્તુ છે, તમારી જે ઊંડી ક્ષુધા છે તેથી ઊલટી છે, ત્યારે પછી વસ્તુ સહેલી બને છે. એમ થાય પછી, તમે આ બંધનો બાહ્ય રીતે કાપી નાખો છો અને વાત પૂરી થઈ જાય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ-૧૧ પૃ. ૨૯-૩૦)

*

ઊર્જાનું આમૂલાગ્ર રૂપાંતર

મનુષ્યની અંદર રહેલી શક્તિને વધારવાનો અને એને ધારણ કરનાર વ્યક્તિ તથા માનવજાતિને ફાયદાકારક કરવા માટે બ્રહ્મચર્યનું પાલન એ પ્રથમની અને સૌથી વધુ અનિવાર્ય શરત છે. મનુષ્યની દરેક શક્તિનો પાયો ભૌતિક હોય છે. યુરોપના જડવાદે જે ભૂલ કરેલી છે તે એ માન્યતામાં રહેલી છે કે પાયો જ સર્વ કાંઈ છે અને એ પાયા અને એના ઉદ્‌ગમસ્થાન વચ્ચે સમજનો ગોટાળો ઊભો કરવામાં આવે છે. જીવન અને શક્તિનું ઉદ્‌ગમસ્થાન ભૌતિક નથી પણ આધ્યાત્મિક છે. પરંતુ જે પાયા ઉપર જીવન અને શક્તિ ઊભાં રહે છે અને કાર્ય કરે છે તે ભૌતિક છે. પુરાતન કાળના હિંદુઓએ સ્વરૂપના આ ઉત્તર અને દક્ષિણ ધ્રુવો—कारण અને प्रतिष्ठा—વચ્ચેનો ભેદ સ્પષ્ટપણે સ્વીકારેલો હતો. પૃથ્વી અથવા જડ પદાર્થ એ प्रतिष्ठा છે, બ્રહ્મ અથવા આત્મા कारण છે. ભૌતિકતાને આધ્યાત્મિકતા પ્રત્યે આરોહણ કરાવવું તેનું નામ બ્રહ્મચર્ય. કારણ કે આ બે વસ્તુઓના મિલનને કારણે, એકમાંથી જે શક્તિ શરૂ થાય છે અને બીજાને ઉત્પન્ન કરે છે તે ઉચ્ચગામી બને છે અને ચરિતાર્થ થાય છે.

આ તત્ત્વજ્ઞાનનો સિદ્ધાંત છે. એના ઉપયોગનો આધાર, માનવરૂપી શક્તિને ધારણ કરનાર સાધનની આ સિદ્ધાંતની યોગ્ય રીતની સમજ તથા ભૌતિક અને માનસિક રીતના પાલન ઉપર રહે છે. આમાં પાયાનો ભૌતિક એકમ रेतस છે, જેની અંદર तेजस મનુષ્યમાં રહેલ ગરમી, પ્રકાશ અને વિદ્યુત, અંતર્ભૂત અને ગુપ્તપણે રહેલ હોય છે. रेतसમાં સર્વ શક્તિ ગુપ્તપણે રહેલી છે. આ શક્તિને ભૌતિક રીતે ખર્ચી નાખી શકાય અથવા એનો સંગ્રહ કરી શકાય. સર્વ પ્રકારના આવેગો, લોલુપતા અને કામનાઓ આ શક્તિને સ્થૂલ રૂપમાં અથવા ઉચ્ચ રૂપ આપેલ સૂક્ષ્મ સ્વરૂપે, શરીરની બહાર વહેવડાવી દઈ તેનો બગાડ કરે છે. અનૈતિક કાર્ય દ્વારા અને સ્થૂલ રૂપે અને અનીતિમાન વિચારોના સેવન વડે એ સૂક્ષ્મરૂપે બહાર ફેંકાઈ જાય છે. બંને કિસ્સાઓમાં બગાડ તો છે જ, અને અપવિત્રતા એ મનની, વાણીની તેમ જ શરીરની હોય છે. અન્યથા, સર્વ પ્રકારના આત્મસંયમ વડે શક્તિનો रेतसના રૂપમાં સંગ્રહ થાય છે અને જેમ જેમ સંગ્રહ કરવામાં આવે છે તેમ તેમ એનો વધારો થાય છે. પરંતુ ભૌતિક શરીરની જરૂરિયાતો મર્યાદિત હોય છે અને વધારાની શક્તિના સંગ્રહને લઈને એ ફાજલ પડતો જથ્થો ઉત્પન્ન થાય છે જેનો પ્રયોગ ભૌતિક સિવાયના કોઈ અન્ય હેતુ માટે થવો જોઈએ. જૂના

કાળના સિદ્ધાંત પ્રમાણે રેતસ એ એવું જલ અથવા પાણી છે, જેમાં પ્રકાશ અને ગરમી અને વિદ્યુતશક્તિ ભરપૂર હોય છે અને એટલા માટે એક શબ્દમાં તેને તેજસ કહેવામાં આવે છે. ફાજલ પડેલું રેતસ પ્રથમ તો ગરમી અથવા તેજસમાં ફેરવાઈ જાય છે, જે આખા શરીરતંત્રની રચનાને ઉત્તેજીત કરે છે. અને એટલા માટે જ સર્વ પ્રકારના આત્મસંયમ અને તપનાં રૂપોને તપસ અથવા તપસ્યા કહેવામાં આવે છે, કારણ કે તેઓ ગરમીને જન્મ આપે છે. એ ગરમી જ ઉત્તેજના તથા શક્તિશાળી કાર્યશક્તિ અને સફળતા અપાવે છે. બીજે પગથિયે રેતસનું ખુદ તેજસ માં પરિવર્તન થાય છે. એ તેજસ સર્વ જ્ઞાનના સ્રોતરૂપ શક્તિ હોય છે. ત્રીજે પગથિયે એનું પરિવર્તન વિદ્યુત અથવા ઈલેકટ્રીસિટિમાં થાય છે, જે સર્વ પ્રકારના બૌદ્ધિક અથવા ભૌતિક કાર્યને સમર્થ રીતે સિદ્ધ કરવાના પાયા રૂપ હોય છે; વળી આ વિદ્યુતમાં ઓજસ અથવા પ્રાણશક્તિ અંતર્હિત રહેલી હોય છે - જે પ્રાથમિક શક્તિ ઈથરમાંથી જન્મ પામેલી હોય છે. રેતસ શુદ્ધ થઈને જલ, જલમાંથી તપસ, તેજસ અને વિદ્યુત અને વિદ્યુતમાંથી ઓજસ રચાઈને આખા સ્વરૂપ-તંત્રને ભૌતિક સામર્થ્ય, શક્તિ અને બુદ્ધિશક્તિથી ભરી દે છે અને એના ઓજસ રૂપી છેલ્લા સ્વરૂપમાં મગજ પ્રત્યે આરોહણ કરે છે અને પદાર્થ-તત્ત્વના સૌથી વધુ શુદ્ધ અને આત્માની સૌથી નજીક એવા પ્રાથમિક શક્તિના સ્વરૂપથી સભર ભરી દે છે. ઓજસ વડે જ આધ્યાત્મિક શક્તિનું સર્જન થાય છે, જેના વડે મનુષ્યને આધ્યાત્મિક જ્ઞાન, આધ્યાત્મિક પ્રેમ અને શ્રદ્ધા તથા આધ્યાત્મિક બળ પ્રાપ્ત થાય છે. આ ઉપરથી એ ફલિત થાય છે કે આપણે જેટલા વધુ પ્રમાણમાં બ્રહ્મચર્ય વડે તપસ, તેજસ, વિદ્યુત, અને ઓજસના સંગ્રહમાં વધારો કરીશું તેટલા વધુ પ્રમાણમાં આપણે આપણી જાતને શરીર, હૃદય, મન અને આત્માનાં કાર્યો માટેની નિર્મળ શક્તિથી ભરી દઈ શકીશું. (CWSA 1 : 372-73)

*

રેતસનું ઓજસમાં રૂપાંતર પ્રગતિ અર્થે

મને પુસ્તકમાંથી નીચેનો ફકરો સમજાયો નહિ : ''જેઓ પ્રગતિ માટે અભીપ્સા રાખે છે તેમણે બ્રહ્મચર્ય અચૂક પાળવું જોઈએ. પરંતુ ખાસ કરીને જેઓએ અતિમાનસ આવિર્ભાવ માટે તૈયાર થવાનું છે તેમને માટે તો તે નિયમને બદલે પૂરેપૂરું બ્રહ્મચર્ય પાળવાનું છે અને તે પણ જોરજુલમ કે દબાણથી નહીં પરંતુ એક આંતરિક કીમિયાથી જેના પરિણામે જે શક્તિઓ સર્જનના કાર્યમાં વપરાય છે, તે શક્તિઓનું પ્રગતિમાં અને સમગ્ર રૂપાંતરમાં ઊર્ધ્વીકરણ થાય.''

યોગની સાધનાઓમાં ભારતમાં આ બાબત સારી રીતે જાણીતી છે. જ્યારે કોઈને પોતાની શક્તિઓનું ભાન થાય છે અને તેમના ઉપર તે કાબૂ મેળવે છે. તમે બધાં જુદાં જુદાં જે કેન્દ્રોમાં શક્તિઓ કેન્દ્રિત થયેલી છે તે કેન્દ્રોના સિદ્ધાંત વિશે જાણો છો, ખરુંને ? સામાન્યતઃ એમ કહેવાય છે કે આવાં પાંચ કેન્દ્રો છે. પણ સાચો આંકડો તો સાત કે બાર કેન્દ્રોનો છે. ગમે તેમ, પણ આ બધાં કેન્દ્રો શક્તિઓને એકત્રિત કરનારાં કેન્દ્રો છે અને તે શક્તિઓ કેટલીક

ક્રિયાઓનું નિયમન કરે છે. કામનાના કેન્દ્રમાં એક શક્તિ પ્રબળ રીતે કેન્દ્રિત હોય છે. તેમાં શક્તિનો ભંડાર હોય છે. અને જેઓ આ શક્તિઓના સ્વામી થવામાં સફળ થાય છે, તેઓ આ શક્તિઓને અહીં (માતાજી છાતીનો મધ્ય ભાગ બતાવે છે) મૂકે છે. અને અહીં પ્રગતિ માટેની શક્તિઓનું કેન્દ્ર હોય છે. આને અગ્નિનું સ્થાન કહેવાય છે. પણ તે પ્રગતિની શક્તિઓ છે, પ્રગતિ કરવાની તપઃશક્તિનું આ કેન્દ્ર છે. એટલે કે જે શક્તિઓ કામનાના કેન્દ્રમાં એકત્રિત થયેલી હોય છે તેમને ઊર્ધ્વમાં ખેંચવામાં આવે છે અને ત્યાં તેમનું સ્થાપન થાય છે. અને તેમનામાં ઘણી વૃદ્ધિ થાય છે, એટલે પછી કામનાકેન્દ્ર બિલકુલ શાંત, સ્વસ્થ અને સ્થિર થઈ જાય છે.

આ બધી શક્તિઓને કાબૂમાં રાખવા માટે, કરોડરજ્જુના મૂળમાં ગૂંચળું વાળીને પડેલી કુંડલિની છે તેને જાગ્રત કરીને, શક્તિઓને કરોડરજ્જુના જુદાં જુદાં કેન્દ્રોમાં ઊંચે ગમન કરાવીને, તેમને જાગ્રત કરીને ખુલ્લાં કરવાં. તેમને ગતિશીલ બનાવી એક પછી એક, છેક મસ્તકની ટોચ સુધી ખુલ્લાં કરવાં અને ત્યાંથી પણ બહાર નીકળવું. અને જ્યારે કોઈ આમ કરવામાં સફળ થાય છે (આ પ્રથમ અનુભવ જ છે), જ્યારે કુંડલિનીને જાગ્રત કરેલી હોય છે ત્યાર પછી તેના પર સ્વામિત્વ મેળવી, તેને દોરવણી આપી અને વિકાસ સાધી, તેને બધાં કેન્દ્રો તરફ દોરીને તે બધાં કેન્દ્રોને જાગ્રત કરાય છે. જ્યારે એક વખત આ પ્રમાણે બને છે ત્યારે માણસ તે ક્રિયા કરવા માટે પ્રભુત્વ પ્રાપ્ત કરે છે — જ્યારે માણસને ક્રિયાનું પ્રભુત્વ આવે ત્યારે જે શક્તિઓની જ્યાં જરૂર ન હોય ત્યાં પડી રહેવા દેવાને બદલે, તે તેમને તે જગાએથી ખેંચીને વધારે ઉપયોગી જગાએ લઈ જાય છે અને આ રીતે પ્રગતિ અને રૂપાંતર માટે તેમનો ઉપયોગ કરે છે.

આ બધું પ્રકાશિત, પ્રયત્નશીલ અને ખૂબ ધૈર્યયુક્ત સાધનાનું પરિણામ છે : એ કાંઈ ''**આમ સહેજમાં** બની જતું નથી.'' બીજી બધી વસ્તુઓનું ચિંતન કરતાં કરતાં અથવા રમત રમતમાં આ બધા સંયમો કેળવાય નહિ. એ સ્વાભાવિક છે કે આ કરવામાં માણસ પ્રભુત્વ મેળવે ત્યારે તે ઘણું રસપ્રદ બને છે. પણ આ કાંઈ એક ઝબકારામાં — જે કાંઈ વસ્તુઓ કરવાની જરૂર હોય તે કર્યા સિવાય — બની આવતું નથી. (શ્રી માતૃવાણી ગ્રંથ-૬ પૃ. ૭૭-૭૮)

*



રેતસનું ઓજસમાં રૂપાંતર

પ્રશ્ન : રેતસને 'ઓજસ'માં ફેરવી નાખવા માટેની પ્રક્રિયા કઈ છે ?

શ્રી અરવિન્દ : એ વસ્તુ જો પ્રક્રિયા દ્વારા કરવાની હોય તો તે તપસ્યા દ્વારા કરવાની રહે છે, (મન, વાણી, કર્મનો આત્મસંયમ) અને સંકલ્પ દ્વારા જાતિય શક્તિને ઉપર ખેંચવાની રહે છે. પરંતુ એને વધારે સારી રીતે તો શક્તિના અવતરણ દ્વારા સાધી શકાય છે. અને એ શક્તિનું કાર્ય કામવૃત્તિના કેન્દ્ર ઉપર થવા દઈને અને તેના પરિણામે બની આવતા રૂપાંતર દ્વારા થઈ શકે છે, આ યોગમાં બીજી બધી વસ્તુઓ વિશે કરવામાં આવે છે તે મુજબ જ.

બ્રહ્મચર્યનું પાલન

નિગ્રહ અને સંયમ

નિગ્રહ અને સંયમ વચ્ચે તફાવત એ છે કે પ્રથમ પ્રક્રિયા (નિગ્રહ)માં વૃત્તિને દબાવી દેવા ઉગ્ર સંઘર્ષ કરવામાં આવે છે, જબરજસ્તી કરી શક્ય હોય તો વૃત્તિને કચડી નાખવામાં આવે છે, જ્યારે એ વૃત્તિની વાસ્તવિકતાને વિશે પ્રશ્ન ઉઠાવવામાં આવતો નથી. અને બીજી પ્રક્રિયામાં એ વૃત્તિને મૃત કાં તો મૃત પામતી શક્તિ તરીકે માની લેવામાં આવે છે. અને પ્રસંગોપાત્ત એ વૃત્તિ જાગ્રત થાય તો એને ઘૃણાપૂર્વક જોવામાં આવે છે અને પછી અધીરાઈપૂર્વક એને ધ્યાનમાં લેવામાં આવે છે. અને છેવટે માત્ર ઉદાસીનભાવે એને મૃત છાયા, અલ્પાંશ કે ઝાંખા પડઘા સમાન, જે એક સમયે વાસ્તવિક અસ્તિત્વ ધરાવતું હતું તેની મૃત છાયા, અલ્પ અંશ કે ક્ષીણ પડઘા સમાન ગણવામાં આવે છે અને જેનું હવે કોઈ મહત્ત્વ રહ્યું નથી એમ માની લેવામાં આવે છે. આમ વૃત્તિનું પુનઃજાગ્રત થવું એ હોય છે પ્રકૃતિની પ્રક્રિયાના ભાગ રૂપ, જે પ્રક્રિયા હેઠળ પ્રકૃતિ આ અનિચ્છનીય અને અદશ્ય થતી રાશિથી પોતે મુક્ત થતી હોય છે. એ શક્તિ (કામવૃત્તિ), એની ગુણવત્તા કે એની વૃત્તિ, પોતાની બાલ્યાવસ્થામાં કે જોશમાં હોય ત્યારે એનો સંયમ કવખતનો ગણાય. એ વૃત્તિ પોતે સંતોષ પામે, પોતાની પૂર્ણ ક્રિયા કરી લે, (જે એનો હિસ્સો છે) તે પહેલાં જ એનો સંયમ કરવો એ કવખતનું લેખાશે, તેમ જ પ્રતિકૂળ બની રહેશે. જ્યારે કોઈ એક વસ્તુ જન્મ પામી જાય ત્યારે પછી એને એનું યૌવન મળવું જ જોઈએ, એનો વિકાસ થવો જ જોઈએ, એનો ઉપભોગ પણ હોય, એનું પોતાનું જીવન હોય અને અંતે વિઘટન અને મૃત્યુ. પ્રકૃતિ દ્વારા જ્યારે એક વખત પોતાના સર્જનને બળ કે વેગ આપી દેવામાં આવે ત્યારે પછી એ આગ્રહ સેવે છે કે એનો વેગ, એનું જોર પૂરું થતાં પહેલાં કુદરતી રીતે જ એ એને ખલાસ કરે, વાપરી નાખે. એ વૃત્તિના વિકાસ કે એની ગતિને કસમયે રૂંધવી, બળપૂર્વક રોકવી એ છે નિગ્રહ, જે અમુક સમય પૂરતી અસરકારક બની રહે, કાયમ માટે નહિ. ગીતામાં એમ જણાવાયું છે કે સર્વ વસ્તુ પોતાની પ્રકૃતિ દ્વારા શાસિત થતી હોય છે. સર્વ વસ્તુ પર એની જ પ્રકૃતિનું નિયંત્રણ હોય છે. પોતાની પ્રકૃતિમાં જ સર્વ વસ્તુ પાછી ભળી જતી હોય છે અને નિગ્રહ અથવા વૃત્તિને દબાવી દેવી એ નિષ્ફળ જાય છે. એ પ્રક્રિયા વ્યર્થ છે. એમાં થતું એમ હોય છે કે હિંસા દ્વારા જે વસ્તુનો સંહાર કરવામાં આવ્યો હોય છે તે ખરેખર મૃત થઈ હોતી નથી. એ વસ્તુ થોડા સમય માટે જે પ્રકૃતિએ એનું સર્જન કર્યું હોય છે એ પ્રકૃતિમાં પાછી શમી જતી હોય છે. ત્યાં એ પ્રચંડ શક્તિ પુનઃ પ્રાપ્ત કરે છે અને એના અધિકારનો ભોગ ભોગવવાની એને જે મનાઈ ફરમાવવામાં આવી હતી, તેનો પૂરો બદલો લેવા અપવાદરૂપ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી એ પાછી ફરે છે. આપણે યોગ માર્ગ ઉપર પ્રથમ પગલાં માંડીએ છીએ

અને આપણા ખરાબ સંસ્કારો અથવા બૂરી સોબતોથી મુક્ત થવા પ્રયત્ન કરીએ છીએ ત્યારે આપણને આ જ વસ્તુનો અનુભવ થાય છે. આપણી પ્રકૃતિમાં ગુસ્સાની લાગણી જો પ્રબળ હોય તો માત્ર બળ વાપરીને થોડા સમય માટે એને આપણે દબાવી દઈ શકીએ અને એને સ્વ-નિયંત્રણનું નામ આપીએ. પરંતુ છેવટે અસંતુષ્ટ પ્રકૃતિ આપણા કરતાં વધુ ચઢિયાતી પુરવાર થ ાય છે અને તીવ્ર આવેગ ફરી પાછો આપણી ઉપર અણધારી ઘડીએ આશ્ચર્યકારક બળ સહિત હાવી થઈ જતો હોય છે. (CWSA 13 : 33-34)

*

પ્રયત્નો ચાલુ રાખો, ચાલુ રાખો, ચાલુ રાખો

જ્યારે એવી કોઈ હિલચાલ ઉત્પન્ન થાય (સ્ત્રીઓ પરત્વેનું આકર્ષણ) ત્યારે એને માટે કોઈ પૂરતું કારણ હોય છે. શારીરિક ચેતનામાં એવું કંઈક, જેના ઉપર ધ્યાન આપવું જ રહ્યું. એનાથી બેચેની અનુભવવા કે નાહિંમત થવાને બદલે વ્યક્તિએ આ દૃષ્ટિબિંદુએથી વિચાર કરવો રહ્યો અને શું કરવું જોઈએ તે વિશે વિચારવું જોઈએ.

આવી વસ્તુઓ પુનરાવૃત્ત થતી રહે એનાથી નાહિંમત થવું એમાં કોઈ સમજદારી રહેલી નથી. આવી વસ્તુઓ હંમેશાં બનતી જ રહે છે. આપણે જે પ્રકારના રૂપાંતરનું કાર્ય ઉપાડ્યું છે એમાં આવી હિલચાલો એક જ સમયે સદાને માટે દૂર થઈ જતી હોતી નથી. એ હિલચાલો પ્રકૃતિના એક સ્તરેથી અન્ય સ્તરે નીચે તરફ ગતિ કરતી રહેતી હોય છે. એ તો વ્યક્તિ જ્યારે એને શરીર તથા અવચેતનમાંથી બહાર હાંકી કાઢે ત્યારે જ એ એમ કહી શકે કે : 'હવે એ પતી ગયું'. આ પ્રકારની પુનરાવૃત્તિઓને નિષ્ફળતાના પુરાવા તરીકે જો લેવામાં આવે તો આશ્રમમાં એવા ઘણા થોડા સાધકો રહે જેમને સફળ જાહેર કરી શકાય. મને નથી લાગતું કે બે કે ત્રણથી વધુ સાધકો આ મુશ્કેલીઓ પાર કરી શક્યા હોય. અહીં જે શબ્દપ્રયોગ થાય છે : આગળ વધેલા સાધકો, એવા સાધકોમાં પણ આ મુશ્કેલી એક કે બીજા સ્વરૂપે રહેતી જ હોય છે. એનું કારણ એ જ કે માનવ પ્રકૃતિમાં કામવૃત્તિ બળવાનમાં બળવાન હોય છે અને જ્યાં સુધી સાધક એ વૃત્તિને અવચેતનમાંથી બહાર હાંકી ન કાઢે ત્યાં સુધી એના પર વિજય પ્રસ્થાપિત કરી શકાતો નથી. પરિસ્થિતિ આ મુજબ હોવા છતાં તમારો કિસ્સો એક જ છે, અજોડ છે, એવું તમે શા માટે વિચારો છો ? અને એના પર વ્યક્તિગત અયોગ્યતા કે અશક્યતાઓનો ખ્યાલ કેમ બાંધી લો છો ? સાધના કે યોગ છોડી દેવાના ખ્યાલોમાં રાચતા રહેવાથી કોઈ હેતુ સરવાનો નથી. તમે યોગ છોડી શકો જ નહિ. એટલે જે એક માત્ર વસ્તુ કરવાની રહે છે તે એ કે તમારી જાતને પુનઃ પ્રસ્થાપિત કરી લો, આ બધી વસ્તુઓ પરત્વે અનાસક્તિનો ભાવ કેળવો અને આત્મ-સાક્ષાત્કાર (જે થઈ રહ્યો હતો) પ્રતિ આગળ ધપ્યે જાવ. (CWSA 13 : 497)

*

કામવાસનાની મુશ્કેલી પરત્વેનું યોગ્ય વલણ

બીજા મુદ્દા વિશે જણાવું તો એ બાબતમાં યોગ્ય વલણ એ રહે કે કામવાસનાની નબળાઈ

વિશે ન તો હંમેશાં ચિંતિત રહેવું કે ન તો એના મહત્ત્વને મન પર એટલી હદે સવાર થવા દેવું કે જેથી તમે એની સાથે સતત સંઘર્ષમાં રહો અને એનાથી તમારી અંદર નિરાશા ઉત્પન્ન થાય. એ મુશ્કેલી વિશે એટલી બેદરકારી પણ રાખવાની નથી, જેથી એ વધતી જ રહે. કદાચ આ મુશ્કેલી સર્વ મુશ્કેલીઓમાં સૌથી વધુ મુશ્કેલ છે અને એનાથી સંપૂર્ણપણે મુક્ત થવા માટે સાધકે શાન્ત ચિત્તે એનું મહત્ત્વ સમજવું જોઈએ તથા એની મુશ્કેલીને પણ સ્વીકારવી જોઈએ. અને એના નિયંત્રણ અર્થે શાન્તિથી, એકધારા પ્રયત્નો કરતા રહેવું જોઈએ.

*

કામવૃત્તિ વિશે વધુ પડતા વિચારો કરવા, એને દબાવી દેવા અંગેના વિચારો કરવા એ પણ પરિસ્થિતિને વધુ ખરાબ બનાવે છે. તમારે વિધેયાત્મક અનુભૂતિ પરત્વે વધુ ખુલ્લા થવું જોઈએ. નિમ્ન પ્રાણ સાથે સર્વ સમય સંઘર્ષ કરતા રહેવું એ ઘણી ધીરી પદ્ધતિ છે.

(CWSA 31 : 497)

*

યોગનો શુદ્ધિકારક અગ્નિ આવેગોને ખુલ્લા કરે તો તેમનો સામનો કરવો

યોગસાધનામાં બીજું એક જોખમ રહેલું છે. એ જોખમ કામવાસના સંબંધી છે. આ યોગસાધના શુદ્ધિની ક્રિયા કરતાં કરતાં તમારી અંદર ઊંડાણમાં જે કામનાઓ અને વાસનાઓ છુપાઈ રહી હશે તે સર્વને ખુલ્લી કરશે તથા તેમને સપાટી ઉપર લાવી નાખશે. એવી વસ્તુઓ છુપાવવાની કે તેમને બાજુ પર મૂકી દેવાની વૃત્તિને સાધકે દૂર કરી દેતાં શીખી જવું જોઈએ. તમારે તેમની સામે નજર માંડીને જોતાં, તેમના ઉપર વિજય મેળવતાં અને તેમનું રૂપાંતર કરતાં શીખવાનું છે. પરંતુ યોગસાધના શરૂ કરવાની પહેલી અસર એ થાય છે કે માનવમાં જે માનસિક સંયમ હોય છે તે દૂર થઈ જાય છે, એટલે કે જે ક્ષુધિત વાસનાઓ માનવના માનસમાં સુપ્ત દશામાં પડેલી હોય છે, તે એકદમ જાગ્રત અને મુક્ત થઈ જાય છે. તેઓ ઉપર ધસી આવે છે. અને સમગ્ર ચેતના ઉપર આક્રમણ કરે છે. માનવના માનસિક સંયમને ઠેકાણે ભગવાનનો દિવ્ય સંયમ જ્યાં સુધી સ્થાપન થાય નહિ ત્યાં સુધી એ વચગાળાનો કાળ સાધકે વટાવવાનો હોય છે અને એ કાળમાં તમારી સહૃદયતા — અંતરની સચ્ચાઈ અને સમર્પણ એ બંનેની કસોટી થશે. કામવાસના અને એવી બીજી વાસનાઓનું બળ, ઘણુંખરું, લોકો તેમને જોઈએ તે કરતાં વધારે અગત્ય આપે છે, તેમાં રહેલું છે. લોકો અતિશય ઉગ્રતાપૂર્વક તેમનો વિરોધ કરે છે, તથા નિગ્રહ દ્વારા તેમને વશ કરવા મથે છે. તેઓ તેમને પોતાની અંદર જ પકડી રાખે છે, અને તેમને દબાવી દેવા મથે છે. પરંતુ કોઈ પણ વસ્તુનો વિચાર આવતાં તમે કહો કે 'મારે તે નહિ જોઈએ, નહિ જોઈએ', તેમ તેમ તમે તેનામાં વધારે બંધાતા જાઓ છો. એ વસ્તુને તમારે તમારાથી દૂર રાખવી જોઈએ. તમારે તેનાથી છૂટા પડી જવું જોઈએ. અને તેને બને તેટલી ઓછી અગત્ય આપવી જોઈએ. અને કદાચ તમને તેના વિશે વિચાર આવે તોપણ તમારે ઉદાસીન અને નિઃસંગત રહેવું જોઈએ.

માનવ સંબંધોની આ મુશ્કેલીઓનો એક રૂપમાં કે અન્ય રૂપમાં સર્વ કોઈ અનુભવ કરે છે — પરંતુ એ મુશ્કેલીઓ વધુ મજબૂત રૂપ ત્યારે લે છે જ્યારે એનું મૂળ મૈથુનની ક્રિયા હોય છે. એ મુશ્કેલીઓ જે હઠીલાપણાથી ફરી ફરી થતી જ રહે છે એનું કારણ હોય છે શરીરનું ધૂંધળાપણું, જે શરીર હંમેશાં પ્રકૃતિની જૂની ટેવોને પ્રતિભાવ (મને એ ટેવોનો ઇનકાર કરી દીધો હોવા છતાં) આપતું રહે છે. અને ટેવો પરત્વેની આ અસ્પષ્ટતા અને અધીનતાનો વિરોધી પ્રાણમય શક્તિઓ લાભ ઉઠાવે છે અને મુશ્કેલીઓને ફરી ફરી ઊભી કરતી રહે છે.

CWSA 31 : 519 **શ્રી અરવિન્દ**

સાધનાની પ્રક્રિયાના દબાણને પરિણામે જે વૃત્તિઓ, વાસનાઓ, કામનાઓ ચૈતન્યની સપાટી ઉપર તરી આવે તેમની સામે અનાસકતપણે અને શાંત સ્વસ્થતાપૂર્વક થવું જોઈએ. એવું એવું જે જે આવે તે સઘળું તમારા સ્વરૂપથી જુદું છે, — વિદેશી છે, અને બાહ્ય જગતમાંથી તમારામાં આવેલું છે એ તમારે સમજવું જોઈએ. એવું સઘળું તમારે ભગવાનને સમર્પણ કરી દેવું જેથી કરીને ભગવાન તેને પોતાના હાથમાં લઈ લે અને તમારી અંદર તેનું રૂપાંતર કરે.

(શ્રી માતૃવાણી ગ્રંથ-૩ પૃ. ૬-૭)

*

આ વસ્તુ કરવી તે મુશ્કેલીઓને દબાવી દેવા કરતાં વધુ કઠિન છે. મુશ્કેલી લાવનાર વૃત્તિથી પોતાની જાતને જુદી પાડી લેવી, જેની સાથે આપણે કંઈ સંબંધ નથી, જેમાં આપણને કોઈ રસ નથી, જે આપણને લાગુ પડતી નથી, જાણે એ સંચારવ્યવહારને લગતી વસ્તુ છે અને આપણે તેની સાથે કોઈ સંબંધ નથી એ દૃષ્ટિએ તેને જોવી એ અતિશય મુશ્કેલ વસ્તુ છે — પરંતુ યોગસાધનામાં સફળ થવું હોય તો આ જ રસ્તો છે. આ વસ્તુ આપણામાં એક પ્રકારનું આત્મ-સ્વાતંત્ર્ય અને પોતાના આંતર-સ્વરૂપ ઉપરનો વિશ્વાસ માગી લે છે — તમારે જાણી લેવું જોઈએ કે તમે જો સાચું વલણ અખત્યાર કર્યું હશે તો જે વસ્તુઓ બનશે તે તમારે માટે સારામાં સારી જ હશે. પરંતુ આમ છતાં કોઈ વખત કોઈ અણગમતી લાગે તેવી વસ્તુ બને અને ભય પામો તે ન ચાલે. તમારા આંતર સ્વરૂપ ઉપરનો તમારો વિશ્વાસ ગમે તે મુશ્કેલીઓ કે વિઘ્નો આવે તો પણ બન્યો રહેવો જોઈએ. ઘણું ખરું આવી કોઈ ન ગમતી વસ્તુ બને ત્યારે તમને એમ થાય છે કે 'હવે આ વાત વધી તો નહિ પડે, આવી કેટલી આપત્તિઓ હજી બાકી હશે ?' અને એવું એવું બધું. આને બદલે તમારે એમ કહેવું જોઈએ કે, ' મારે આ વસ્તુઓ સાથે કોઈ સંબંધ નથી, એ અવચેતન જગતની છે, એમાં મારે કંઈ લેવાદેવા નથી — અને આમ છતાં જો એ વસ્તુઓ મારા ઉપર ફરીથી ઘેરો ઘાલવા આવશે તો તેમની સાથે લડી લઈશ.' જોકે સ્વાભાવિક રીતે, તમે મને એમ કહેશો કે આ રીતે બોલવું તો સહેલું છે પણ આચરણમાં મૂકવું અઘરું છે. પરંતુ જો તમારા વલણમાં આત્મવિશ્વાસ હશે તો તમારાથી ન જીતી શકાય તેવી કોઈ મુશ્કેલી છે જ નહિ. કેવળ વ્યાકુળ થઈ જવાથી તો મુશ્કેલીઓ વધુ ઘેરી બને છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ-૪ પૃ. ૮૨-૮૩)

*

અનાસક્તિ અને પરિત્યાગ દ્વારા પ્રભુત્વ

કામવાસનાનો આવેગ. એને પાપ અથવા ભયંકર વસ્તુ તરીકે જોશો નહિ. સાથે સાથે એને આકર્ષક વસ્તુ પણ ગણવાની નથી. એ નિમ્ન પ્રકૃતિની એક ભૂલ, ખોટી ક્રિયા છે એ રીતે એને જુઓ. એનો પૂરેપૂરો પરિત્યાગ કરો. એની સાથે સંઘર્ષ કરીને નહિ, પરંતુ પોતાની જાતને એમાંથી પાછી હઠાવી લઈને. તમારી જાતને અનાસક્ત બનાવીને અને તમારી સંમતિ આપવાનો ઇનકાર કરીને એનો પરિત્યાગ કરો. એ તમારી પોતાની વસ્તુ નથી એ રીતે એને

જુઓ. તમારી બહાર રહેલી પ્રકૃતિમાંથી તમારા ઉપર લાદવામાં આવતી વસ્તુ એને ગણો. તમારા પર લાદવામાં આવતી વસ્તુઓને સર્વ પ્રકારની સહમતિ આપવાનો ઇનકાર કરી દો. તમારી પ્રાણ-શક્તિમાં રહેલી કોઈ વસ્તુ એને સહમતિ આપે તો તે વસ્તુ પોતાની સહમતિ પાછી ખેંચી લે એવો આગ્રહ સેવો. તમારી પાછા હઠી જવાની પ્રક્રિયા અને તમારા ઇનકારમાં તમારી મદદ કરવા માટે દિવ્ય શક્તિનું આહ્‌વાન કરો. જો તમે આ વસ્તુ શાન્તિપૂર્વક, દૃઢતાપૂર્વક અને ધીરજપૂર્વક કર્યે રાખો તો છેવટે બાહ્ય પ્રકૃતિની ટેવો વિરુદ્ધ તમારો આંતરિક સંકલ્પ વિજયી થશે. (CWSA 31 : 508)

*

પ્રાણાયામ અને અન્ય શારીરિક કસરતો, જેમ કે આસન વગેરે જાતિય વાસનાને ધરમૂળથી કાઢી શકે નહિ — ક્યારેક તો શરીરમાં પ્રાણમય શક્તિને ખૂબ જ માત્રામાં વધારી દઈને એ (આસન, પ્રાણાયમ વિ.) કામવાસનામાં ભડકાઉ વધારો કરી આપે છે. કામવાસનાની વૃત્તિ શારીરિક જીવનના પાયામાં રહેલી હોવાથી એના પર પ્રભુત્વ પ્રસ્થાપિત કરવું એ હંમેશાં કઠિન જ હોય છે. એક વસ્તુ જે કરવાની છે તે એ કે આ બધી હિલચાલોથી આપણી જાતને અલગ કરી દેવી, પોતાના અંતરાત્માને શોધી કાઢવો અને એમાં જીવન ધારણ કરવું. એમ કર્યા પછી આ બધી હિલચાલો એ આપણી પોતાની છે એવી દેખીતી લાગણી દૂર થઈ જશે. એ સર્વ તો અંતરાત્મા કે પુરુષ ઉપર બાહ્ય પ્રકૃતિ દ્વારા લાદવામાં આવતી હિલચાલો છે એ અનુભવી શકાશે. (CWSA 31 : 511-12)

*

સત્યનિષ્ઠાની શક્તિ

દેખીતી રીતે, એક બાબતમાં મુશ્કેલી રહે છે : તમારા સભાન સ્વરૂપમાં એવી કોઈ વસ્તુ હોય છે જેને મુશ્કેલી **જોઈતી નથી હોતી.** એને જીવવા માટે ખરા હૃદયની ઇચ્છા પણ હોય છે, પરંતુ તમારી ચેતનાના અન્ય ભાગોમાં એનાથી અલગ પ્રકારની એવી અસંખ્ય ગતિઓ ચાલતી હોય છે કે જેના વિશે તમે સભાન હોતા નથી. તમે કહેતા હો છો, 'પેલી બાબતમાં મારે સુધરી જવાની ઇચ્છા છે;' પરંતુ દુર્ભાગ્યે 'મારી ઇચ્છા છે' એટલું કહ્યા માત્રથી જ કામ ચાલતું નથી. ચેતનાના પેલા અન્ય ભાગો એવા છે કે જે તમે તેમની સાથે કામ ન પાડો તે માટે સંતાઈને રહે છે અને જ્યારે તમારું ધ્યાન બીજી બાજુએ હોય ત્યારે એ ભાગો પ્રગટ થવા પ્રયત્ન કરે છે. આથી જ હું તમને કહું છું અને વારંવાર કહું છું, ''**સંપૂર્ણપણે દિલની સચ્ચાઈ રાખો, તમારી જાતને છેતરવાનો પ્રયત્ન ન કરો, એમ ન કહો કે, 'મારાથી બન્યું તે સર્વ કાંઈ મેં કર્યું છે' કારણ કે જો ખરેખર તમે તમારાથી બનતું સર્વ કાંઈ કર્યું હશે તો તમે સફળ થવાના જ છો.**'' તમારામાં જો એવી કોઈ ખામી હોય કે જેને તમે દૂર કરવા માગતા હો અને છતાં તે જતી ન હોય અને પછી તમે કહો કે, 'મારાથી થાય તે સર્વ કાંઈ મેં કર્યું છે' તો યાદ રાખજો કે તમારે કરવા જેવું 'સર્વ કાંઈ' તમે ખરેખર કર્યું નહિ હોય. જો તમે તેમ કર્યું હોત તો જરૂર સફળ થયા હોત.

કારણ કે તમારી ઉપર જે મુશ્કેલીઓ આવે છે તે તમારી શક્તિ સાથે સપ્રમાણમાં હોય છે. એવી કોઈ વૃત્તિ તમારામાં ઉદ્‌ભવી શકતી નથી જેને સંબંધિત કોઈ વસ્તુ તમારી ચેતનામાં હાજર ન હોય. અને જે વસ્તુ તમારી ચેતનામાં હોય છે તેના ઉપર પ્રભુત્વ મેળવવું હંમેશાં શક્ય હોય છે. તમારી ચેતનાની બહારથી આવતી વૃત્તિઓ અને સૂચનો પણ તમારી ચેતનાની સંમતિ હોય તેટલા પ્રમાણમાં જ તમને સ્પર્શી શકે છે. તમારું સર્જન તમારી ચેતનાના તમે સ્વામી બનો તે માટે જ કરવામાં આવેલું છે. એટલે જો તમે એમ કહેતા હો કે, 'મારાથી શક્ય તે સર્વ કાંઈ મેં કર્યું છતાં અમુક વસ્તુ જતી નથી એટલે હવે તો હું પ્રયત્ન નહિ કરું.' તો તમે ખાતરી રાખજો કે ખરેખર તમારાથી શક્ય તેટલું તમે નહિ કર્યું હોય. જ્યારે કોઈ ક્ષતિ **'અને છતાં'** કરીને ચીટકી રહેતી હોય ત્યારે એનો અર્થ એ હોય છે કે તમારા સ્વરૂપમાં કોઈક વસ્તુ સંતાઈને બેઠેલી છે અને પેટીમાંના ભૂતની માફક અચાનક બહાર આવીને તમારા જીવનના સુકાનનો કાબૂ લઈ લે છે. આનો ઇલાજ એ છે કે તમારે તમારી અંદર છૂપા પડેલા અંધારા ખૂણાઓ શોધી કાઢવા, તેમનામાં શુભ ભાવનાનો નાનો સરખો તણખો મૂકવો, અને પછી તમે જોશો કે આમ કરવાની સાથે જ એ અંધકાર પરાજિત થઈ લોપ પામી જશે. જે વસ્તુ કરવી તમને અશક્ય લાગતી હશે તે કેવળ શક્ય અને વ્યવહારૂ નહિ પણ એક સિદ્ધ કરવામાં આવેલી હકીકત બની રહેશે. કોઈ મુશ્કેલી તમને વર્ષોથી પરેશાન કરી રહી હશે તો તેને પણ આ રીત અજમાવશો તો તે એક મિનિટમાં દૂર કરી શકાશે. આ બાબતમાં હું તમને સ્પષ્ટ ખાતરી આપું છું. આમાં શરત માત્ર એટલી જ છે કે તમારામાં પોતાનામાં રહેલી ક્ષતિથી મુક્ત થવા માટે તમારામાં ખરેખરી, અંતરની, સચ્ચાઈપૂર્વકની ઇચ્છા હોવી જોઈએ. (શ્રી માતૃવાણી ગ્રંથ-૪ પૃ. ૮૩-૮૪)

*

'સાધના માર્ગની સઘળી આફતોને ટાળવી એ કેટલું બધું સહેલું છે ! બાળકના જેવા થઈ જાઓ. તમારી જાતને 'મા'ના હાથમાં સોંપી દો, પછી તમારે માથે જોખમો નહિ રહે.''

(પુસ્તિકા ૪૮, પ્રેમ-૧ પૃ. ૨૩)

*

વૃત્ત વિશેષ

શ્રી અરવિન્દ યોગ કેન્દ્ર, જંત્રાલ (અમૃત સંજીવની ટ્રસ્ટ)ના ઉપક્રમે તા. ૧૧ માર્ચ, ૨૦૧૭ના રોજ 'શ્રી ઑરોમીરા હોલિસ્ટીક હેલ્થ સેન્ટર'નું ઉદ્‌ઘાટન પદ્મશ્રી ડૉ મુનિભાઈ મહેતા અને શ્રીમતી ઈલાબહેન મહેતાના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વડોદરા મુંબઈ દિલ્હીથી મહાનુભાવો તેમ જ આસપાસના ગામોના અગ્રણીઓ સહિત કુલ ૨૫૦ લોકોએ હાજરી આપી હતી.

કાર્યક્રમના પ્રારંભે શ્રી વસંતભાઈ પટેલે સંસ્થાનો પરિચય રજૂ કર્યો હતો અને મહેમાનોનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. ત્યારબાદ હાજર રહેલ તજજ્ઞોએ કુદરતી ઉપચાર અંગે સમજૂતી આપી હતી. શ્રી દુષ્યંતભાઈ મોદીએ આરોગ્યલક્ષી કસરતોનું નિદર્શન કર્યું હતું. આ પ્રસંગે પ્રાર્થના અને ભજનની રજૂઆત રેડિયો કળાકાર નીલાંબરી અને વિદ્યાએ કરી હતી.

સમાપન સત્રમાં શ્રી રાજુભાઈ ઠક્કરે કુદરતી ઉપચાર કેન્દ્રની રૂપરેખા રજૂ કરી હતી. ૧૧ માર્ચ શ્રી વિમલાતાઈની પુણ્યતીથિ નિમિત્તે શ્રી રાજુભાઈએ શ્રી વિમલાતાઈએ લીધેલી શ્રી માતાજીની મુલાકાતના પ્રસંગનું વર્ણન કર્યું હતું. *(અહેવાલ : શ્રી સ્મિતા ભટ્ટ)*

*

અદિતિ કેન્દ્ર, કાયાવરોહણ મુકામે તા. ૨૬-૩-૧૭ અને ૦૬-૦૪-૧૭ના દિવસોએ સામૂહિક કાર્યક્રમોનાં આયોજનો કરવામાં આવ્યાં હતાં. ૨૬ માર્ચના રોજ સવારે ૯થી સાંજે ૫ વાગ્યા સુધી શ્રી અરવિન્દ રચિત ગ્રંથ 'માનવવિકાસ ચક્ર' નાં બે પ્રકરણો ૧) આધ્યાત્મિક યુગની વિગતો તથા ૨) આધ્યાત્મિકતાનું આગમન અને વિકાસનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

૬ એપ્રિલના રોજ સાંજે ૪થી ૬ દરમિયાન 'આયુર્વેદ અને શ્રી અરવિન્દ' વિષયક કાર્યક્રમ કાયાવરોહણના પંચાયત હોલમાં યોજવામાં આવ્યો હતો. બંને કાર્યક્રમો સફળ રહ્યા હતા.

(અહેવાલ : શ્રી હીરાભાઈ અમીન)

*

તા. ૧૬-૪-૨૦૧૭ રવિવારના દિવસે શ્રી અરવિન્દ નિવાસ વડોદરામાં 'યોગ અને પ્રાકૃતિક ચિકિત્સાના માધ્યમ દ્વારા સ્વાસ્થ્ય પ્રાપ્તિ' વિશે અભ્યાસ અને માર્ગદર્શન માટે અર્ધ દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરનું સંચાલન નિષ્ણાત પ્રાકૃતિક ચિકિત્સાવિદ્ શ્રી નિમેશભાઈ શાહે (નિર્દેશક, ઇપ્કોવાલા નેચરોપથી એન્ડ યોગ સેન્ટર, મુ. સોખડા, જિ. વડોદરા) કર્યું હતું. શ્રી નિમેશભાઈ યોગ અને પ્રાકૃતિક ચિકિત્સાના ક્ષેત્રમાં દશ વર્ષોથી કાર્યરત છે.

આ શિબિરમાં સાચી રીતે યોગની ક્રિયાઓ કેમ કરવી તેનું નિદર્શન અને અભ્યાસ કરાવવામાં આવ્યો તથા 'ચાલો સ્વસ્થ જીવન જીવીએ' એ વિષય ઉપર દૃશ્ય-શ્રાવ્ય માધ્યમ વડે રજૂઆત દ્વારા મૂંઝવતા પ્રશ્નોનું સમાધાન કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. શિબિરમાં ૪૫ વ્યક્તિઓએ ભાગ લીધો હતો. *(અહેવાલ : શ્રી કૈલાશ જોશી)*

*

શ્રી અરવિન્દ હોમ, ભાવનગર કેન્દ્રના ઉપક્રમે જાન્યુઆરી, ફેબ્રુઆરી, અને માર્ચ ૨૦૧૭ દરમિયાન આ મુજબ કાર્યક્રમોનાં આયોજનો કરવામાં આવ્યાં હતાં.

જાન્યુઆરી : ૧-૧-૨૦૧૭, અંગ્રેજી નૂતન વર્ષ દિન નિમિત્તે સાંજે ૭.૦૦ વાગ્યે સમૂહ ધ્યાન, પ્રાર્થના તેમ જ નૂતન વર્ષ કૅલેન્ડર અને ખજૂરના પૅકેટના વિતરણનો કાર્યક્રમ થયો.

ફેબ્રુઆરી : ૨૧-૦૨-૨૦૧૭ શ્રી માતાજીના જન્મ દિવસ નિમિત્તે સવારે ૯.૦૦થી ૯.૩૦ ધ્વજારોહણ અને વંદેમાતરમ્‌નું ગાન. ૯.૩૦થી ૧૦.૦૦ પ્રાર્થના અને ધ્યાન. સાંજે ૬.૩૦ કલાકે, સમાધિ સમીપ ધ્યાન, વાચન, પ્રાર્થના તેમ જ શ્રી માતાજીના ટેરેસ દર્શનની C.D. દર્શાવવામાં આવી. દર્શન દિવસના સંદેશ તેમ જ પ્રસાદનું વિતરણ આ પ્રસંગે કરવામાં આવ્યું હતું. સાધક મિત્રોએ કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં હાજર રહી કેન્દ્રના આધ્યાત્મિક વાતાવરણનો લાભ લીધો.

માર્ચ : ૨૫ ને ૨૬ : કેન્દ્રમાં દિવ્યાંશ સ્થાપના દિન નિમિત્તે ડૉ. શ્રી અશ્વિનભાઈ કાપડિયા દ્વારા સંચાલિત 'જ્ઞાનસત્ર'નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે ડૉ. મહેશભાઈ મહેતાએ શ્રી અશ્વિનભાઈનો પરિચય તથા કેન્દ્રની સ્થાપનાથી આજ દિન સુધીની પ્રગતિનો ટૂંક અહેવાલ રજૂ કર્યો હતો. શ્રી અશ્વિનભાઈએ 'કૃષ્ણચેતના અને અતિમનસ' વિષય ઉપર અભ્યાસપૂર્ણ રજૂઆત કરી હતી. ૨૪ નવેંબર, ૧૯૨૬ના રોજ અધિમનસ ચેતનાનું પદાર્થતત્ત્વમાં થયેલું અવતરણ અને તેના પરિણામસ્વરૂપ અતિમનસ ચેતનાના અવતરણનો માર્ગ મોકળો થયો હતો તેની સોદાહરણ સમજ શ્રી અશ્વિનભાઈએ શ્રોતાઓને આપી.

કાર્યક્રમને અંતે ભાવનગર કેન્દ્રના કાર્યમાં પાયાની ઈંટ બનેલા શ્રી માતાજીનાં બાળકો શ્રી મહેશભાઈ જોશી, શ્રી કાંતિભાઈ જોશી અને શ્રી કિશોરભાઈ ભટ્ટની સેવાઓનો ઉલ્લેખ કરી શ્રી અશ્વિનભાઈએ સદ્‌ગતોને ચરણે શ્રદ્ધાસુમન સમર્પિત કર્યાં હતાં.

કાર્યક્રમોમાં ભાવનગરના નગરજનો મોટી સંખ્યામાં પધાર્યા હતા. આભારવિધિ શ્રી દર્શક કિશોરભાઈ ભટ્ટે કરી હતી. *(અહેવાલ : શ્રી મંદાકિની ભટ્ટ)*

*

શ્રી અરવિન્દ કેન્દ્ર, ગાંધીનગર મુકામે ફેબ્રુઆરી, માર્ચ, એપ્રિલ ૨૦૧૭ દરમિયાન આ મુજબ કાર્યક્રમોનાં આયોજનો કરવામાં આવ્યાં હતાં.

* તા. ૪ને ૧૧ ફેબ્રુઆરીના રોજ ગાંધીનગર સેક્ટર-૨૩ સ્થિત કડી વિશ્વવિદ્યાલય નામક શૈક્ષણિક સંસ્થામાં 'શ્રી અરવિન્દ તથા શ્રી માતાજીનાં જીવનદર્શન' વિષયક વિચારગોષ્ઠિનાં

આયોજનો કરવામાં આવ્યાં હતાં. સંસ્થાના B.ed. (અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમ)ના ૨૦થી ૨૨ વિદ્યાર્થીઓએ ગોષ્ઠિમાં ભાગ લઈ પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં હતાં. સંસ્થાના વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમ જ ગાંધીનગર કેન્દ્રના અધ્યક્ષ શ્રી સી. કે. તન્ના તથા અન્ય સભ્યોએ કાર્યક્રમમાં હાજરી આપી હતી. શ્રી તન્ના સાહેબે પ્રસંગોચિત વક્તવ્ય પણ રજૂ કર્યું હતું.

* ૧૭ ફેબ્રુઆરીના રોજ કેન્દ્ર ખાતે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ગાંધીનગરની શૈક્ષણિક સંસ્થાઓના કુલ ૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નિબંધના વિષયો હતા : 'અમને શ્રી અરવિન્દની વાત કહો' અને 'શ્રી માતાજીનું જીવન-દર્શન'. સ્પર્ધાના વિજેતાઓને રોકડ રકમ તથા પેંડલ્સ આપવામાં આવ્યા અને પ્રત્યેક સ્પર્ધકને બોલપેન તથા ચોકલેટ આપવામાં આવી હતી.
* ૨૧ ફેબ્રુઆરી, શ્રી માતાજીના જન્મદિન નિમિત્તે સવારમાં પ્રાર્થના, ધ્યાન, વાચનના કાર્યક્રમો થયા. સાંજે કેન્દ્રના તાલીમાર્થી વિદ્યાર્થીઓ દ્વારા કથ્થક, ભારતનાટ્યમ નૃત્ય તેમ જ સુગમ સંગીતના કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં નગરજનો, સાધકો, સંસ્થાના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સર્વને માટે પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી.
* ૯ માર્ચના રોજ કડી વિશ્વ વિદ્યાલય સંસ્થાની આર.જી. પટેલ કન્યા વિદ્યાલયની ધો. ૧૦ને ૧૨માં અભ્યાસ કરતી ૪૫૦ વિદ્યાર્થિનીઓના વિદાય સમારંભનું આયોજન કેન્દ્ર ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શાળાના શિક્ષકો, કર્મચારીઓ, આચાર્યો પણ હાજર રહ્યા હતા. સર્વેને શ્રી અરવિન્દ કેન્દ્ર, ગાંધીનગર તેમ જ શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં જીવન-દર્શન વિશે અધિકૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી.
* ૨ એપ્રિલના રોજ કેન્દ્ર ઉપર આંખોની મફત તપાસના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર સ્થિત 'તેજ Eye કેન્દ્ર'ની સહાયથી કુલ ૧૧૧ વ્યક્તિઓની આંખોની તપાસ કેમ્પમાં કરવામાં આવી હતી. ગાંધીનગરના નગરજનો, કેન્દ્રોના સભ્યો તેમ જ અન્ય લોકોએ કેમ્પનો લાભ લીધો હતો. સ્થાનિક સમાચારપત્રોમાં આ કેમ્પની વિગતોના સંપૂર્ણ અહેવાલો પ્રકટ થયા હતા.

જાહેરાત

સાવિત્રીશબ્દામૃત શ્રેણીનું ૭મું પુસ્તક ગુરુપૂર્ણિમા, તા. ૯ જુલાઈ, ૨૦૧૭ના રોજ પ્રકાશિત કરવાનું આયોજન થઈ રહ્યું છે. આ પુસ્તકમાં સાવિત્રી મહાકાવ્યના પર્વ ૭, યોગનું પર્વ, ના સર્ગ ૪, ૫, ૬ ને ૭નું શ્રદ્ધાવાનનું પ્રકાશપૂર્ણ વિવરણ સમાવવામાં આવશે. આમ, આ પુસ્તકના પ્રકાશન સાથે શબ્દામૃતના કુલ ૭ પુસ્તકોમાં સાવિત્રી મહાકાવ્યના પર્વ ૧, ૩ અને ૭નું સંપૂર્ણ વિવરણ પ્રકાશમાં આવી જશે.

*

સભ્યો / ગ્રાહકોને સૂચનો

૧. 'પ્રભુ અર્પણ' - સામાન્યતઃ દર મહિનાની પાંચમી તારીખે પ્રસિદ્ધ થાય છે.

૨. અંક ચોકસાઈથી ટપાલ દ્વારા રવાના કરાય છે. છતાં ટપાલમાં ગેરવલ્લે જાય અને અંક તા. ૨૦ સુધીમાં ન મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઓફિસને ફરિયાદ કરી તેની નકલ અત્રે મોકલવી. બને ત્યાં સુધી બીજી નકલ મોકલવામાં આવશે.

૩. સરનામું બદલાયાની સૂચના ૧૫ તારીખ પહેલાં પોતાના સભ્ય/ગ્રાહક નંબર સાથે આપવી.

૪. સંસ્થા સાથે મેગેઝીનને લગતા પત્રવ્યવહારમાં આપનો સભ્ય/ગ્રાહક નંબર આપવો જરૂરી છે.

૫. શ્રી અરવિન્દ સોસાયટીની વાર્ષિક સભ્ય ફી (અ.ભા.૫ માસિક સાથે)

૧ વર્ષ	રૂા. ૧૮૦/-	૧૦ વર્ષ	રૂા. ૪૦૦૦/-(ડોનર મેમ્બર)
૩ વર્ષ	રૂા. ૫૨૦/-	૨૦ વર્ષ	રૂા. ૨૫,૦૦૦/- (કોર્પોરેટ મેમ્બર)
૫ વર્ષ	રૂા. ૮૬૦/-		

૬. ભારતમાં 'પ્રભુ અર્પણ'નું ફક્ત ગ્રાહક (સભ્યપદ વગર) તરીકેનું વાર્ષિક લવાજમ રૂા. ૧૮૦/- છે.

૭. ગમે તે માસથી સભ્ય/ગ્રાહક થઈ શકાય છે. એક વર્ષથી ઓછી મુદત માટે સભ્ય/ગ્રાહક નોંધવામાં આવતા નથી.

૮. નવા સભ્ય/ગ્રાહકે લવાજમ મોકલતી વખતે ''નવા સભ્ય/ગ્રાહક છે,'' એમ લખવું.

૯. નવા અથવા જૂના સભ્યો/ગ્રાહકો પોતાનું લવાજમ પોતાના સભ્ય/ગ્રાહક નંબર સાથે રૂબરૂમાં અથવા મની ઓર્ડરથી અથવા બેન્ક ડ્રાફટથી ''શ્રી અરવિન્દ સોસાયટી'' ના નામથી ભરી શકે છે. જો ચેકથી લવાજમ ભરવાનું હોય તો વાર્ષિક લવાજમ ઉપરાંત વધારાની રકમ રૂા. ૨૫/- ઉમેરી ચેક લખવો.

૧૦. લવાજમ વસુલ કરવા માટે અંક વી.પી. થી મોકલાતો નથી.

૧૧. વ્યવસ્થા અંગેનો સર્વ પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક, 'પ્રભુ અર્પણ'-રવાનગી વિભાગ, શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા શાખાના નામથી કરવો.

૧૨. જે સભ્યોનું લવાજમ પૂરું થઈ ગયું હોય તેઓએ પોતાનું લવાજમ તુર્ત મોકલી આપવું. જે કવરમાં આપને 'પ્રભુ અર્પણ' મળે છે તેની ઉપર, આપના સભ્યપદ નંબર પછી ૧, ૪, ૭, વિ. અંક દર્શાવેલા હોય છે, તે કયા માસમાં આપનું લવાજમ પૂરું થાય છે તે દર્શાવે છે. લવાજમ પૂરું થયાની સૂચના વ્યક્તિગત રીતે આપવામાં આવતી નથી.

આ યોગમાં સ્ત્રી પુરુષની વચ્ચે સાધક સાધિકા તરીકેના જે મુક્ત અને સ્વાભાવિક યૌગિક સંબંધો હોવા જોઈએ તે પ્રાપ્ત કરવામાં સફળ થવાને માટે સામાન્ય રીતે માત્ર એક જ પદ્ધતિ છે, અને તે એ કે આ પુરુષ છે અને આ સ્ત્રી છે એવો સહેજ પણ વિચાર ઊભો થવા દીધા વિના એકબીજાની સાથે હળવા મળવાની શક્તિ મેળવી લેવી જોઈએ – બંને જણ કેવળ મનુષ્યો છે, બંને સાધક છે, બંને ભગવાનની સેવા કરવા પ્રયત્ન કરી રહ્યાં છે અને ફક્ત ભગવાનને જ શોધે છે, અન્ય કોઈને નહિ, આ ભાવ હોવો જોઈએ. આ વસ્તુને તમારી અંદર પૂરેપૂરી મેળવી લો અને કંઈ મુશ્કેલી આવવાનો સંભવ રહેતો નથી.

*

કામવાસના અંગેની ઇચ્છા તથા વૃત્તિનો સ્થૂલ પશુની રીતે ઉપભોગ કરવાની આખીયે વાતને નિર્મૂળ કરી નાખવાની રહે છે. જે લોકો ઊર્ધ્વ જીવન માટે તૈયાર નથી હોતા અથવા તો એક સંપૂર્ણ આધ્યાત્મિક જીવન ગાળવા માટે હજુ તૈયાર નથી હોતા, ફક્ત તેવા લોકોમાં જ માત્ર તે વસ્તુ ચાલુ રહી શકે છે.

શ્રી અરવિન્દ

(વ્યવહારુ માર્ગદર્શન ભાગ-૨ પૃ. ૪૬-૪૭)

(વર્ષ ૦૩ : અંક ૫)
RNI NO GUJGUJ/2015/60353
P. R. NO VDR(E)/338/2015-2017
વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ - છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦
વિદેશ માટે-હવાઈ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

Published and Printed by Shri Sharadchandra M. Joshi,
on behalf of Sri Aurobindo Society, Vadodara
Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.
Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.
Editor : Shri Kiritkumar Indravadan Thakkar.